હશે. જો અલ્લાહ તઆલા જન્નતીઓની નજરોની હિફાઝત ન કરે તો તે વીજળી એમની આંખોને ઊંચકી લે.

બાલાખાનાઓ (ઝરૂખાઓ)

આ બાલાખાનાઓ કોના માટે હશે ?

અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે કે,

તરજુમો : "જે લોકો પોતાના અલ્લાહથી ડરતા રહ્યા એમના માટે (જન્નત)ના બાલાખાનાઓ છે, જેમના ઉપર બીજા બાલાખાનાઓ છે, જે બનેલા તૈયાર છે."

હદીસ : હઝરત અલી (રદિ.) ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો : જન્નતમાં અમુક એવા બાલાખાનાઓ છે કે એનું બહાર અંદરથી અને અંદર બહારથી દેખાશે. એક ગામડિયા (સહાબીએ) ઊભા થઈને કહ્યું, યા રસૂલલ્લાહ (સલ.) ! આ કોના માટે હશે ? આપે ફરમાવ્યું; એના માટે હશે જે પાકીઝા વાતચીત કરશે અને ખાણું ખવડાવશે અને હંમેશા રોઝા રાખશે અને તે સમયે જયારે લોકો સૂતા હોય (ત્યારે) આ રાતના સમયે નમાઝ પઢશે.

ફાયદો : આ હદીસનું વિવરણ નીચે જણાવેલ હદીસની સાથે કંઈક આ રીતે છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો કે જન્નતમાં અમુક એવા બાલાખાનાઓ હશે જયારે એમાં રહેવાવાળો એના અંદર દાખલ થશે તો તેનો એને કોઈ ડર નહીં હશે કે એના પાછળ શું છે ? (કારણ કે એને અંદરથી બહાર નજર આવતું હશે) અને એના બહાર હશે તો તેને એનો ડર નહીં હોય કે

અંદર (બાલાખાનામાં) શું છે ? (કારણ કે એને બાલાખાનાની બહારથી બાલાખાનાની અંદરનો ભાગ નજર આવતો હશે.) અરજ કરવામાં આવી; યા રસૂલલ્લાહ (સલ.) ! આ કોના માટે હશે ? આપે ઇરશાદ ફરમાવ્યો; જે સારા બોલ બોલશે, લગાતાર રોઝા રાખશે અને ખાવું ખવડાવશે, સલામને ફેલાવશે અને નમાઝ પઢશે કે જયારે લોકો સૂઇ રહ્યા હોય. અરજ કરવામાં આવી, સારા બોલ શું છે ? ઇરશાદ ફરમાવ્યો :

سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ ط

કારણ કે આ કલિમાત કિયામતના દિવસે આ હાલતમાં આવશે કે અમુક આગળ હશે અને અમુક બાજુમાં અને અમુક પાછળ. અરજ કરવામાં આવી; લગાતાર રોઝા રાખવું કેવી રીતે છે ? આપે ઇરશાદ ફરમાવ્યો; તે માણસ જે રમઝાન મહિનાના રોઝા રાખશે, પછી એના પછી એક બીજો રમઝાન મહિનો પામે તો એના પણ રોઝા રાખે (આ રીતે દરેક આવનારી રમઝાનના રોઝા રાખતો રહ્યો. આ લગાતાર રોઝા રાખવું છે.) અરજ કરવામાં આવી; ખાવું ખવડાવવું શું છે ? ઇરશાદ ફરમાવ્યો : જેણે પોતાના બાલ–બચ્ચાઓની પરવરિશ કરી અને એમને ખાણું ખવડાવતો રહ્યો. અરજ કરવામાં આવી; સલામ ફેલાવવું શું છે ? ઇરશાદ ફરમાવ્યો; પોતાના ભાઇ (મુસલમાન)થી મુસાફહો કરવો અને સલામ કરવી. અરજ કરવામાં આવી; જયારે લોકો સૂતા હોય તે સમયે નમાઝ શું છે ? ઇરશાદ ફરમાવ્યો : તહજ્જુદની નમાઝ (પઢવી).

ગુરફાતવાળા ક્ષિતિજમાં ચમકતા તારાઓ સમાન

હદીસ : હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો : (અદના મરતબાના) જન્નતવાળાઓ બાલાખાનાવાળા જન્નતીઓને આ રીતે જોશે, જેવી રીતે આ લોકો (દુનિયામાં) આસમાન પર દૂરના તારાઓને જૂએ છે.

ગુરફા (બાલાખાના) કઈ વસ્તુથી બનાવવામાં આવ્યો છે ?

અલ્લાહ તઆલાનો ઈરશાદ છે :

તરજુમો : આવા લોકોને બાલાખાના મળશે એમના સાબિતકદમ રહેવાના કારણથી. આ ઈરશાદની તફસીરમાં હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી હઝરત સહલ બિન સઅદ (રદિ.) રિવાયત કરે છે કે આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો : આ ગુરફા (બાલાખાના) લાલ યાકૂત અને લીલા ઝબર્જદ અને સફેદ ચમકદાર મોતીનું હશે. એમાં ન કાટ–છાંટ હશે, ન સાંધો હશે. (જો કે આ બધા મોતી એક જ લાગશે.)

અદના જન્નતીના ગુરફાની શાન

હદીસ : હઝરત ઉત્બા બિન ઉમૈર (રદિ.) ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ

ઈરશાદ ફરમાવ્યો : અદના દરજાનો જન્નતી તે માણસ હશે, જેનું એક ઘર હશે. એક મોતીથી એના બાલાખાના અને દરવાજા બનેલા હશે.

એક થાંભલા પર બાલાખાનું

હદીસ : હઝરત અબૂ.હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો : જન્નતમાં યાકૂતનો એક થાંભલો હશે. એના ઉપર ઝબર્જદનો એક ગુરફો (છત) હશે. એના દરવાજા ખુલ્લા હશે. તે એવું ચમકતું હશે જેવી રીતે ચમકદાર તારાઓ ચમકે છે. અમોએ અરજ કરી, યા રસૂલલ્લાહ (સલ.) ! એમાં કોણ રહેશે ? આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો, તે લોકો જે અલ્લાહના માટે આપસમાં મુહબ્બત કરતા હશે, અલ્લાહના માટે આપસમાં ખર્ચ કરવાવાળા હશે અને આપસમાં અલ્લાહની ખુશીના માટે મુલાકાત કરતા હશે.

ચાર હજાર એવા બાલાખાના, જે ન ઉપરથી લટકાવવામાં આવ્યા છે, ન એના નીચે સુતૂન છે

હદીસ : હઝરત અનસ (રદિ.) ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો : જન્નતમાં અમુક ગુરફાત એવા છે, જે ન ઉપરથી કોઈ વસ્તુના સાથે લટકાવવામાં આવ્યા છે અને ન એના નીચેથી કોઈ સુતૂન હશે. અરજ કરવામાં આવી; યા

રસૂલલ્લાહ (સલ.) ! આ ગુરફાતવાળા એમાં કેવા દાખલ થશે ? આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો : જન્નતી એમાં પક્ષીઓની જેમ દાખલ થશે. અરજ કરવામાં આવી; યા રસૂલલ્લાહ (સલ.) ! આ કોના માટે હશે ? ઈરશાદ ફરમાવ્યો : બીમારીઓવાળા, દર્દોવાળા અને મુસીબતોવાળા (લોકોના માટે).

ફાયદો : સિફતુલ જન્નત ઈબ્ને કસીરના (હાંસિયો લખનારે)એ મઆલીકનો અર્થ છતોની સાથે કર્યો છે.

સેવા કરનારી છોકરીઓવાળું બાલાખાનું

હઝરત ઈબ્ને વહબ (રહ.) ફરમાવે છે કે જન્નતમાં એક ગુરફો એવો છે, જેનું નામ "સબા" છે. જયારે અલ્લાહનો વલી એમાં જવાનું ઈચ્છશે તો હઝરત જિબ્રઈલ (અલૈ.) આ ગુરફાની પાસે જઈને (તે જન્નતીને ઉપર ચઢાવવાના માટે) પુકારશે તો હઝરત જિબ્રઈલની આંગળીઓના સામે ઊભો થઈ જશે. (આંગળીઓના સામે એટલા માટે ઊભો હશે કે હઝરત જિબ્રઈલ (અલૈ.)નું કદ ઘણું જ મોટું છે અને એનું કદ એટલું જ નાનું હશે). આ ગુરફા (બાલાખાનામાં) ચાર હજાર સેવા કરવાવાળી લાયક છોકરીઓ હશે, જે પોતાના દામન અને વાળને નાઝો અંદાઝથી ઉઠાવતા ચાલશે અને તે ઊદની અંગેઠી (સગડી)થી સુગંધ હાસિલ કરશે.

સિત્તેર હજાર બાલાખાના

હદીસ : હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ (રદિ.)થી

રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો :

અલ્લાહની ખુશીમાં આપસમાં મુહબ્બત કરવાવાળા (મુસલમાન)લોકો લાલ યાકૂતના એક સુતૂન પર બિરાજમાન હશે. એ સુતૂનની ટોચ પર સિત્તેર હજાર બાલાખાના (ગુરફાત) હશે. એમનું હુસ્ન જન્નતવાળાઓના માટે એવું રોશન હશે જેવી રીતે કે દુનિયાવાળાઓના માટે સૂરજ ચમકે છે. જન્નતી એકબીજાને કહેશે, અમારી સાથે ચાલો. અહિંયા સુધી કે અમે અલ્લાહ તઆલાના માટે આપસમાં મુહબ્બત કરવાવાળાઓની ઝિયારત કરી આવીએ. પછી જયારે આ લોકો એમને છુપાઈને જોશે તો એમનું હુસ્ન જન્નતવાળાઓના સામે એવું ચમકશે જેવી રીતે સૂરજ દુનિયાવાળાઓના માટે ચમકે છે. એમના ઉપર સુન્દુસનો લીલો લિબાસ હશે. એમની પેશાનીઓ પર લખેલું હશે કે આ લોકો અલ્લાહ તઆલાની ખુશી અને મુહબ્બતની શોધના માટે આપસમાં મુહબ્બત કરતા હતા.

ફાયદો : આ હદીસ ઈમામ ઈબ્ને અબી શયબા (રહ.)એ આ રીતે રિવાયત કરી છે કે આપસમાં ફક્ત અલ્લાહની ખુશીના માટે મુહબ્બત કરવાવાળા (પોતપોતાના) લાલ યાકૂતના થાંભલા પર હશે. આના ઉપર સિત્તેર હજાર બાલાખાનાઓ હશે. આ બીજા જન્નતીઓને જોતા હશે. એમાંથી જયારે કોઈ છુપાયને જોશે તો એનું હુસ્ન જન્નતીઓના ઘરોને ઘણું રોશન કરી આપશે. જે રીતે સૂરજ પોતાની રોશનીના સાથે દુનિયાવાળાઓના ઘરોને રોશન કરી આપે છે. આપે ફરમાવ્યું; પછી જન્નતવાળાઓ (બીજા જન્નતીઓને) કહેશે, અમારી સાથે આ હઝરાતની પાસે ચાલો, જે આપસમાં ફક્ત અલ્લાહના માટે મુહબ્બત કરતા

હતા. આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, આ રીતે આ જન્નતી (પોતપોતાની જન્નતોથી) નીકળશે અને એમના ચહેરાઓને ચૌદમી રાતના ચાંદની જેમ (રોશન) જોશે. એમના ઉપર લીલો લિબાસ હશે. એમના ચહેરાઓ પર લખેલ હશે; આ છે ફક્ત અલ્લાહના માટે આપસમાં મુહબ્બત કરવાવાળા.

બાલાખાનામાં રહેવાવાળા ખાસ લોકો

હદીસ : હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો :

જન્નતી બાલાખાનાવાળાઓને પોતાના ઉપરથી એવી રીતે જોશે જેવી રીતે તમે પૂર્વ અથવા પશ્ચિમના ઉફુકમાં ઘણા દૂર હલકી હલકી રોશની કરવાવાળા તારાઓને જુઓ છો. આ ફર્ક એમની વચમાં નેક અમલોના કારણથી હશે. સહાબએ કિરામ (રદિ.)એ પૂછયું, યા રસૂલલ્લાહ (સલ.) ! શું અંબિયાએ કિરામની મંઝિલો હશે કે એમના સુધી કોઈ બીજું નહીં પહોંચી શકે ? તો જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો : કેમ નહીં પહોંચી શકશે. મને તે ઝાતની કસમ, જેના કબજામાં મારો જાન છે, (એમાં) તે લોકો જશે, જેઓ અલ્લાહ પર ઈમાન લાવ્યા અને રસૂલોને સાચા માન્યા.

તંબૂઓ

અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે : હૂરો છે

થોભવાવાળીઓ તંબૂમાં.

સાઠ (૬૦) માઈલનો તંબૂ

હદીસ : હઝરત અબૂ મૂસા અશ્અરી (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો :

જન્નતમાં મુઅમિનના માટે એક જ મોતીનો એક તંબૂ હશે, જેની લંબાઈ સાઠ (૬૦) માઈલ સુધી હશે. એમાં મુઅમિનની બીવીઓ હશે. મુઅમિન તે બધાની પાસે જઈને સોહબત (સંભોગ) કરશે ને તે બીવીઓ એક બીજાને (આ હાલતમાં) જોઈ શકશે.

ફાયદો : આ તંબૂઓ ન તો બાલાખાનું (છત) હશે અને ન મહેલો, પરંતુ આ બગીચાઓમાં અને નહેરોના કિનારાઓ પર બનાવવામાં આવેલાં હશે.

તંબુ કેમ લગાવવામાં આવ્યા ?

હઝરત અબૂ સુલયમાન દારાઈ (રહ.) ફરમાવે છે કે હૂરો તેમને નવા તરીકાથી પેદા કરવામાં આવે છે, જ્યારે એની તખ્લીક (રચના) પૂરી થઈ જાય છે તો ફરિશ્તા એની ઉપર તંબૂ ઊભા કરી આપે છે. અમુક બુઝુર્ગો ફરમાવે છે, તંબૂ તે વખતે ઊભા કરે છે, જ્યારે તે જવાન હોય છે, કારણ કે નવજવાન છોકરીની આદત આ છે કે તે પરદાની સાથે એકલી રહેવાને પસંદ કરે છે. અહિંયા સુધી કે એને શવહર લઈ જાય. આ રીતે અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાએ પણ હૂરોને પેદા

કરી અને એમને તંબૂના પરદામાં પાબંદ (વિવશ) કરી આપી. અહિંયા સુધી કે તેમને પોતાના અવલિયા (દોસ્તો)ની સાથે મેળાપ (મુલાકાત) કરાવી આપે.

પસંદ કરેલ બીવીઓના તંબૂઓ

હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ (રદિ.) ફરમાવે છે કે મુસલમાનની એક ઘણી મનપસંદ બીવી હશે અને દરેક મનપસંદ બીવીની માટે એક તંબૂ હશે અને દરેક તંબૂના ચાર દરવાજા હશે અને દરેક દરવાજાથી દરરોજ એક ભેટ, તોહફો અને કરામતને લઈ બીવીના પાસે પહોંચશે, જે આથી પહેલાં હાસિલ ન થઈ હશે. આ બીવીઓ ન તો શવહરોના સામે ઘમંડ (તકબ્બુર) બતાવવાવાળી હશે, ન ઊંચી અવાજથી બોલવાવાળી હશે. (ન તેમના મોઢામાંથી) ખરાબ વાસ આવશે, ન નાફરમાન હશે. આ હૂરે ઈન હશે, છુપાયેલા લઅલ (મોતી)ની જેમ.

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે તંબૂ હશે આઠ કિલોમીટરમાં, એના (દરવાજાઓના) ચાર હજાર સોનાના પટ–પરદા હશે.

હઝરત અબૂ દરદા (રદિ.) ફરમાવે છે કે તંબૂ એક જ મોતીનો બનાવવામાં આવેલ હશે.

તંબૂની ઊંચાઈ

હદીસ : હઝરત અબ્દુલ્લાહ બિન કૈસ (અબૂ મૂસા અશ્અરી) (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ

(સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો :

તંબૂ ખોલદાર મોતી લઅલનો છે. એની લંબાઈ ઉપરના તરફ સાઠ (૬૦) માઈલ છે. એના દરેક ખૂણામાં ઘરવાળાઓ (બીવીઓ, ગુલામ અને છોકરાઓ) છે, જેમને બીજા (ખૂણાવાળાઓ) નથી જોતા. એમની પાસે જન્નતી આવતો–જતો રહેશે. બીજી બીવીઓ વગેરે (તે હાલતમાં) તેમને જોઈ શકશે નહિ.

તંબૂ કેવા હશે ?

હદીસ : હઝરત આઈશા (રદિ.) ફરમાવે છે, મેં અરજ કરી : યા રસૂલલ્લાહ (સલ.) ! મેં સાંભળ્યું છે કે અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે :

حُوْرٌ مَّقْصُوْرٰتٌ فِي الْخِيَامِ ﴿٧٢﴾ (الرحمٰن ۵۵:۷۲، پارہ ۲۷)

(હૂરો તંબૂમાં થોભેલી હશે) આ તંબૂ શું છે ? આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો :

મને તે ઝાતની કસમ જેના કબજામાં મારો જીવ છે, જન્નતના તંબૂમાંથી એક તંબૂ એક જ મોતીનો હશે. અંદરથી ખોલદાર ૩૨ કિલોમીટર લાંબો, ૩૨ કિલોમીટર પહોળો (એટલે કે લંબાઈ અને પહોળાઈ બરાબર હશે). યાકૂત અને ઝબર્જદનો (તે તંબૂને) તાજ પહેરાવવામાં આવ્યો હશે. એના સોનાના ૭૦ દરવાજા હશે.

તંબૂઓની નેઅમતો અને એશ-આરામ

અબ્દુલ મલિક (ઇબ્ને હબીબુલ કુર્તુબી (રહ.) ફરમાવે છે કે મને અમુક લોકોએ બયાન કર્યું કે જન્નતના તંબૂઓમાંથી દરેક તંબૂમાં જે ખોલદાર મોતીથી બનાવવામાં આવ્યો હશે, એનું વજન ૩૨–૩૨ કિલોમીટરની પહોળાઇમાં હશે અને એટલો જ ઊંચો હશે, જેના ઉપર ગૌહર (મોતી) અને યાકૂતનું કામ કરવામાં આવ્યું હશે. દરેક તખ્ત (ગાદી) પર ઘણા જ બિસ્તર તરતીબથી ગોઠવવામાં આવ્યા હશે, જે એક બીજાની ઉપર સજાવવામાં આવ્યા હશે અને દરેક તખ્તના સામે એક કપડું હશે, જેમાં તંબૂને પરદો કરવામાં આવ્યો હશે. આ ગૌહર યાકૂત અને ઝબર્જદથી સોના અને ચાંદીના તારોમાં બનાવવામાં આવ્યું હશે. દરેક તખ્ત પર હૂરે ઇનમાંથી એક બીવી ઉપસ્થિત હશે. દરેક બીવીની સાથે ૭૦ લોંડીઓ (બાંદીઓ) અને ૭૦ ગુલામ (નોકર) પણ હશે, જેવી રીતે કે અલ્લાહ પાક ઇરશાદ ફરમાવે છે :

(અને એમની પાસે એવા છોકરા આવતા–જતા રહેશે, જે ફક્ત એમના માટે જ હશે. જેવી રીતે કે તે હિફાઝતથી રાખેલ મોતી છે.) અને દરેક તખ્તના સામે ગૌહર (મોતી)ની એક ખુરશી હશે, જેના પર અલ્લાહનો વલી (દોસ્ત) ચઢીને તખ્ત પર બેસશે અને પોતાના તંબૂની બુનિયાદ (પાયા) પર એક સફેદ રસ્તો અને એક લીલો રસ્તો અને એક લાલ રસ્તો જોશે અને એનું નૂર એટલું તેજ હશે કે આંખોની રોશની તે અંજાવી શકે છે. પછી આ પોતાની બીવીથી મુઆનકો (આલિંગન) કરશે અને તેનાથી ૭૦ વર્ષની મિકદાર (ગણતરી)ના બરાબર મજા ઉઠાવશે. એની સંભોગની ઇચ્છા અને સખ્તીની તલબ ઓછી ન થશે. આ તે બીવીથી બીજીની

તરફ જશે. અહિંયા સુધી કે જ્યાં સુધી એનો નફ્સ ખ્વાહિશ કરતો રહેશે અને આંખો મજા ઉઠાવતી રહેશે. હંમેશા હંમેશના માટે.

કુબ્બા (ગુંબજ)

હદીસ : હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો :

અદના દરજાના જન્નતીનો મરતબો આ હશે કે એના માટે એક ગુંબજ લુઅલુઉ અને યાકૂત અને ઝબર્જદનો તૈયાર કરવામાં આવશે, (જે લંબાઈમાં) જાબિયાથી સન્આ જેટલું હશે.

ફાયદો : જાબિયા શામ દેશમાં મશહૂર શહેર દમિશ્કના નજદીક એક શહેર છે અને સન્આ યમન દેશની રાજધાની છે.

બિછાનું અને બિસ્તર

રેશમના બિસ્તર :

અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે :

مُتَّكِـِٕيْنَ عَلٰى فُرُشٍۭ بَطَآىِٕنُهَا مِنْ اِسْتَبْرَقٍ ؕ (الرحمٰن ۵۵:۵۴، پارہ ۲۷)

અને તે લોકો (જન્નતમાં) તકિયો લગાવીને એવા ફર્શો (બિછાનું અને બિસ્તરો) પર બેઠા હશે, જેનું અસ્તર (નીચેનો

ભાગ) જાડા રેશમનું હશે (અને કાયદો છે કે ઉપરના કપડાની તુલનામાં અસ્તરથી વધારે (પાકીઝહ) મૂલ્યવાન હોય છે. આ માટે જ્યારે અસ્તર ઈસ્તબ્રક (જાડા રેશમ)નું હશે તો ઉપરનું કેવું કંઈક હશે.

ફાયદો : આયતથી માલૂમ પડયું કે જન્નતના બિછાનાની શકલ આ હશે કે એનો નીચેનો ભાગ જાડા રેશમનો હશે અને ઉપરનો ભાગ એનાથી વધારે મૂલ્યવાન અને શણગારમાં ખૂબ વધીને હશે.

પાથરણાંની ઊંચાઈ અને દરમિયાનનું અંતર

હદીસ : હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.)થી રિવાયત છે કે આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઊંચા પ્રકારના **પાથરણા હશે–ની તફસીર (વઝાહત)માં** ઈરશાદ ફરમાવ્યો :

وَّفُرُشٍ مَّرْفُوْعَةٍ ﴿٣٤﴾ (الواقعہ ٥٦:٣٤، پارہ ٢٧)

તે પાથરણાંની ઉંચાઈ આસમાન અને જમીનના વચ્ચેના અંતર જેટલી હશે અને એમાં બે પાથરણાં વચ્ચેનું અંતર પાંચસો વર્ષના બરાબર હશે.

હાફિઝ ઈબ્ને કય્યિમ (રહ.) ફરમાવે છે કે આ હદીસમાં રુશદૈન બિન સઅદ રિવાયત બયાન કરવાવાળા છે, જે મનાકીરની રિવાયત કરે છે. જો આ રિવાયત મોઅતબર (ભરોસાપાત્ર) હોય તો આનો અર્થ આ થશે કે જન્નતીઓના દરજા એટલા બુલંદ થશે અને બિછાનું એમના ઉપર હશે અને જો આ રિવાયત મોઅતબર ન હોય તો હઝરત અબૂ સઈદ

ખુદરી (રદિ.)થી નકલ થયેલ આ બીજી રિવાયત વધારે મહફૂઝ થશે, જેમાં ફક્ત આ વર્ણન કરવામાં આવ્યું છે કે દરેક બે પાથરણાના વચમાં આસમાન અને જમીનના અંતરના બરાબર અંતર હશે અથવા આ કે આ પાથરણા જન્નતના દરજાતમાં હશે અને દરેક દરજાતની વચમાં જમીન અને આસમાનના બરાબર અંતર છે. મારા અધૂરા ખ્યાલમાં વર્ણન થયેલ હદીસનો આ છેલ્લો મતલબ વધારે સહીહ છે.

પાથરણાંના ઉપરનો ભાગ નૂરે જામિદનો હશે

હઝરત સઈદ (રહ.) ફરમાવે છે કે એનો ઝાહિરી (ઉપરવાળો) ભાગ નૂરે જામિદનો હશે.

જાડું અને બારીક રેશમની વચમાં અંતરનો અંદાજ

ફર્શે મરફુઅહની તફસીરમાં હઝરત અબૂ ઉમામહ (રદિ.) ફરમાવે છે કે જો તે બિછાનાનો ઉપરવાળો ભાગ ફેંકવામાં આવે તો એના નીચલા ભાગ સુધી ચાલીસ વર્ષ સુધી ન પહોંચે.

બાદશાહી તખ્ત (સિંહાસન)

અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે :

(૧) તેઓ હારબંધ ગોઠવેલા તખ્તો (આસનો) પર ગાવ–તકિયાને અઢેલીને બેઠા હશે અને અમે તેમને સુંદર

આંખોવાળી હૂરો સાથે પરણાવીશું. (સૂરએ તૂર : ૨૦)

(૨) તેમનો એક મોટો વર્ગ આગલા લોકોમાંથી હશે અને થોડાક પાછલા લોકોમાંથી હશે, તેઓ રત્નજડિત અ ાસનો પર તકિયા લગાવીને સામ સામે બેઠા હશે.

(સૂરએ વાકિઅહ : ૧૩ થી ૧૬)

(૩) એ (જન્નત)માં ઊંચા ઊંચા તખ્ત (આસનો) હશે.

(સૂરએ ગાષિયહ : ૨૦)

લંબાઈ અને ખૂબસૂરતી

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે આ તખ્ત સોનાના હશે, જેના તાજ ઝબર્જદ, જૌહર અને યાકૂતના હશે અને એક તખ્ત મક્કા અને ઈલા જેટલો લાંબો હશે.

ઊંચાઈ

હઝરત કલબી કહે છે કે તખ્તની ઊંચાઈ ઉપરની તરફ સો વર્ષના સફરના બરાબર હશે, જ્યારે માણસ એના ઉપર બેસવાનો ઈરાદો કરશે તો તે (તરત) એના માટે ઝુકી જશે. અહિંયા સુધી કે તે તેના ઉપર બેસી જશે. પછી જ્યારે તે એના ઉપર બેસી જશે તો તે પછી પોતાની જગ્યા સુધી ઊંચો થઈ જશે.

આ તખ્ત કઈ વસ્તુઓથી બનાવવામાં આવેલ છે ?

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે અલ્લાહના

દોસ્ત જન્નતમાં તખ્ત પર બેઠેલા હશે, જેની ઉંચાઈ પાંચસો વર્ષની હશે. આના વિશે અલ્લાહનો ઈરશાદ છે :

وَّفُرُشٍ مَّرْفُوْعَةٍ ﴿٣٤﴾ (الواقعہ ٥٦:٣٤، پارہ ٢٧)

અનં તખ્ત હશે ઊંચા અને ફરમાવ્યું; આ તખ્ત લાલ યાકૂતના હશે, જેની લીલા ઝુમુર્રદની બે પાંખો હશે, પછી આ તખ્ત ઉપર સિત્તેર બિછાના હશે, જેનો નીચેનો ભાગ નૂરનો હશે. જો તે તખ્તના ઉપરના ભાગને ફેંકવામાં આવે તો પોતાના નીચેના ભાગ સુધી ચાલીસ વર્ષની મુદતમાં પહોંચી.

તખ્તોનો શણગાર (મસેહરિઓ)

અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે :

(તેઓ જન્નતમાં મસેહરિઓ પર અઢેલીને બેઠા હશે.) હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) "અરાઈક"ની તફસીર કરતાં ફરમાવે છે કે,

"અરીકા" (મસેહરી) તે વખત સુધી નથી બનતી, જ્યાં સુધી કે પલંગ પર પરદો ન પડેલો હોય, જ્યારે પલંગ અને ઉપરનો પરદો બન્નેવ ભેગા થાય તો અરીકા (મસેહરી) કહેવામાં આવે છે.

ચાળીસ વર્ષ સુધી તકિયાનો ટેકો

હદીસ : હઝરત હયસમ બિન માલિક તાઈ (રહ.) ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો :

આદમી ચાળીસ વર્ષની મુદ્દત સુધી ટેકો લગાવશે. ન ત્યાંથી હટશે અને ન તબિયત કંટાળશે. એની પાસે જે એનો જીવ ઈચ્છશે અને આંખોને લઝઝત થશે, હાજર થતું રહેશે.

સિત્તેર વર્ષ સુધી તકિયાનો ટેકો

હદીસ : હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.)થી રિવાયત છે કે, જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો :

આદમી જન્નતમાં પડખું બદલ્યા વગર સિત્તેર વર્ષ સુધી ટેકો લગાવી શકશે (અને એનાથી વધારે પણ અને ઓછું પણ).

હઝરત સુલયમાન બિન મુગીરા (રહ.) હઝરત સાબિત (રહ.)થી નકલ કરે છે કે એમણે ફરમાવ્યું, અમોને આ વાત પહોંચી કે જન્નતી આદમી જન્નતમાં સિત્તેર વર્ષ સુધી ટેકો લગાવીને બેસશે. એની પાસે એની બીવીઓ અને સેવકો હશે અને જે કંઈ અલ્લાહ તઆલા એને ઠાઠમાઠ અને નેઅમતો અતા કરશે તે પણ હશે. પછી તે નજર ઉઠાવીને જોશે તો તેને તેની અમુક બીવીઓ દેખાશે, જેમને તેણે આથી પહેલાં કદી પણ ન જોઈ હશે. તે કહેશે; હવે તો વખત આવી ગયો છે કે આપ પોતાના તરફથી અમારું નસીબ અતા ફરમાવો.

મસેહરિઓ કઈ વસ્તુથી બનલ હશે

અલ્લાહ તઆલાનો ઈરશાદ عَلَى الْاَرَآئِكِ يَنْظُرُوْنَ ﴿٢٣﴾ ની તફસીરમાં હઝરત મુજાહિદ (રહ.) ફરમાવે છે કે આ

મસેહરિઓ લુઅલુઉ અને યાકૂતથી બનેલી હશે.

નેક ઔરતે જન્નતનો તખ્ત દુનિયામાં જોયો

હઝરત અબૂ હામિદ હલાસ (રહ.) ફરમાવે છે કે મારી વાલિદા ઘણી નેક હતી. એક દિવસે અમે ઘણી મજબૂરીની હાલતમાં હતા. મને કહ્યું, અય બેટા ! અમે ક્યાં સુધી આ તકલીફમાં રહીશું ? જ્યારે સેહરીનો વખત થયો તો મેં દુઆ કરી કે અય અલ્લાહ ! જો અમારા માટે આખિરતમાં કંઈક છે તો એમાંથી અમને દુનિયામાં કંઈક અતા કરી આપ. તે વખતે ઘરના એક ખૂણામાં મને કંઈક દેખાયું. હું તેની પાસે ગયો તો જોયું કે એક તખ્તના સોનાના પાયા છે અને તેમાં જવાહિર (રત્નો) સજાવવામાં આવ્યા છે. મેં વાલિદાને કહ્યું; આ લ્યો અને અમુક જવાહિર (રત્નો) વેચવાના ઈરાદાથી હું બજારમાં ગયો અને દિલ દિલમાં કહેતો હતો કે એમાંથી અમુક જવાહિર સોનીને ત્યાં વેચું, પરંતુ એનો શું તરીકો હશે. જ્યારે હું મસ્જિદથી પાછો આવ્યો તો મારી માંએ મને કહ્યું; અય બેટા ! તું મને માફ કરી આપ, કારણ કે જ્યારે ઘરેથી નીકળ્યો તો હું સૂઈ ગઈ. મેં સપનામાં જોયું કે હું જન્નતમાં દાખલ થઈ. ત્યાં મેં એક મહેલ જોયો, જેના દરવાજા પર લખેલું હતું :

لَآاِلٰهَ اِلَّا اللّٰهُ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ ﷺ

અને આ પણ લખેલું હતું કે આ મકાન અબૂ અહમદ હલાસનું છે. મેં કહ્યું; મારા બેટાનું ? તો એક માણસે કહ્યું, હા. હું તે મકાનમાં જઈને એના રૂમોમાં ગશ્ત કરતી (ફરતી)

રહી. મેં એક રૂમમાં ઘણા જ તખ્ત પાથરેલા જોયા. એની વચમાં એક તખ્ત તૂટેલો હતો. મેં કહ્યું; આ તખ્તની વચમાં આ તૂટેલો તખ્ત કેમ કેટલો અસ્થાને અને અવ્યવસ્થિત છે. એક માણસે મને કહ્યું કે આના પાયા તમે લઈ લીધા છે. મેં કહ્યું; તેને પોતાની જગ્યાએ પહોંચાડી આપો. જયારે હું જાગી તો તે ગુમ થઈ ગયો હતો. અલ્લાહનો શુક્ર છે.

ગાદલાઓ અને કાલીન

અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે :

તે (જન્નતી હઝરાત) લીલા મુશજજર અને અજીબ (અનોખા) ખૂબસૂરત કપડાઓ (ના ફર્શો) પર તકિયા લગાવીને બેઠેલા હશે. તો હે જિન્નાતો અને ઈન્સાનો ! (આ ઝિયાદતી અને નેઅમતોની ઝિયાદતી હોવા છતાં) તમે પોતાના રબની કઈ કઈ નેઅમતોનો ઈનકાર કરવાવાળા થઈ જશો. ઘણું બરકતવાળું નામ છે આપના રબનું નામ, જે મોટાઈવાળો અને ઉપકાર કરનાર છે.

અલ્લાહ તઆલા આગળ ઈરશાદ ફરમાવે છે :

તે (બેહિશ્ત)માં ઊંચા ઊંચા તખ્ત (પાથરેલા) છે અને ગોઠવેલા પ્યાલાઓ (હાજર) છે. એટલે કે આ સામાન જન્નતીની સામે હાજર હશે. આથી જયારે પીવાનું દિલ ઈચ્છે, વાર ન લાગે અને બરાબર ગોઠવેલા ગાદલા (તકિયા) છે અને બધી બાજુ કાલીન (જ કાલીન) ફેલાયેલ પડયા છે (કે જયાં ઈચ્છે આરામ કરી લે. એક જગ્યાથી બીજી જગ્યાએ જવું પણ ન પડે).

નેક અમલો જેનાથી મહેલો તૈયાર થાય છે

હમ્દનું ઘર

હદીસ : હઝરત અબૂ મૂસા અશ્અરી (રદિ.) ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો : إِنَّا لِلّٰهِ وَإِنَّا إِلَيْهِ رَاجِعُوْنَ

જયારે અલ્લાહ તઆલા કોઈ મુઅમિનના દીકરાને મૌત આપે છે તો પોતાના ફરિશ્તાઓથી પૂછે છે કે મારા બંદાએ શું કહ્યું છે ? તે કહે છે, એણે (બુરું–ભલું કહેવાની જગ્યાએ) આપની તારીફ–વખાણ કર્યા છે અને
પઢયું છે તો અલ્લાહ તઆલા ફરમાવે છે કે એના માટે જન્નતમાં એક ઘર બાંધી આપો અને એનું નામ બયતુલ હમ્દ (વખાણનું ઘર)પાડી દો.

જન્નતમાં મહેલો બનાવવાનો વઝીફો

હદીસ : હઝરત સઈદ બિન અલ મુસય્યિબ (રહ.) ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો :

જે માણસ ૧૦ વખતે સૂરએ ઈખ્લાસ (કુલ્ હુવલ્લાહુ અહદ) પઢશે તો અલ્લાહ તઆલા એના માટે જન્નતમાં એક મહેલ બનાવી આપશે અને જે આ સૂરતને ૨૦ વખત પઢશે તો અલ્લાહ તઆલા એના માટે બે મહેલ બનાવશે. હઝરત ઉમર (રદિ.)એ અરજ કરી કે યા રસૂલલ્લાહ (સલ.) ! પછી

તો અમારા મહેલો ઘણા થઈ જશે. તો આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો : અલ્લાહ તઆલા આનાથી પણ વધારે વિશાળ રહમત અને અતા કરવાવાળો છે.

ફાયદો : જે હઝરાત આ નેક અમલોની વિગત ઈચ્છે છે, જેનાથી જન્નતના મહેલો તૈયાર થાય છે, તેઓ અમારી કિતાબ "રહમતકે ખઝાને"નું વાંચન કરે.

મસ્જિદ બનાવવી

હદીસ : હઝરત ઉસ્માન બિન અફ્ફાન (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો :

مَنْ بَنٰى لِلّٰهِ مَسْجِدًا يَبْتَغِىْ وَجْهَ اللّٰهِ بَنَى اللّٰهُ بَيْتًا فِى الْجَنَّةِ ط

જે માણસે અલ્લાહ તઆલાની ખુશી હાસિલ કરવા માટે મસ્જિદ બનાવી તો અલ્લાહ તઆલા એના માટે જન્નતમાં મહેલ બનાવશે.

ચાશ્તની નમાઝ

હદીસ : હઝરત અનસ (રદિ.) ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો :

જે માણસે ચાશ્તની નમાઝની બાર રકાતો પઢી તો અલ્લાહ તઆલા એના માટે જન્નતમાં સોનાનો એક મહેલ બનાવશે.

ચાશ્તની નમાઝ અને ઝોહરની ચાર સુન્નતો

હદીસ : હઝરત અબૂ મૂસા અશ્અરી (રદિ.) ફરમાવે છે કે, જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો :

જે માણસે ચાશ્તની નમાઝ અને ઝોહરથી પહેલાની ચાર ર'કાત સુન્નત અદા કરી તો અલ્લાહ તઆલા એના માટે જન્નતમાં એક મહેલ બનાવશે.

ફર્ઝ નમાઝોની સુન્નતે મુઅકકદા

હદીસ : હઝરત ઉમ્મે હબીબહ (રદિ.) ફરમાવે છે કે, જનાબ રસૂલે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી સાંભળ્યં છે :

مَنْ صَلّٰى اِثْنَتَىْ عَشَرَةَ رَكْعَةً فِىْ يَوْمٍ وَلَيْلَةٍ بُنِىَ لَهٗ بِهِنَّ بَيْتًا فِى الْجَنَّةِ۔

જે માણસે દરરોજ [ ]વસ–રાતમાં બાર રકાતો (સુન્નતે મુઅક્કદા) અદા કરી તો એના માટે આ રકાતોના સવાબમાં જન્નતમાં એક મહેલ બનાવવામાં આવશે.

ઈમામ નસાઈ, ઈમામ હાકિમ, ઈમામ ઈબ્ને ખુઝયમા અને ઈમામ બયહકી (રહ.)એ આ હદીસના છેવટમાં આ બાર રકાતોની વઝાહતમાં ચાર રકાત ઝોહરની નમાઝથી પહેલાં અને એના પછી બીજી બે રકાત અસરની નમાઝથી પહેલાં અને બે રકાત મગરિબની નમાઝ પછી અને બે રકાત

ફજરની નમાઝથી પહેલાંનું વર્ણન કર્યું છે.

નોટ : આ બાર રકાતમાં અસરથી પહેલાંની બે રકાત સુન્નતે ગેર મુઅક્કદા છે. બાકી સુન્નતે મુઅક્કદા છે, જેના અદા કરવાની મુબારક હદીસોમાં તાકીદ આવેલી છે.

(ઈમ્દાદુલ્લાહ)

બુધ, જુમેરાત અને જુમ્આના રોઝા રાખવા

હદીસ : હઝરત અબૂ ઉમામહ (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો :

જે માણસે બુધ, જુમેરાત અને જુમ્આના રોઝા રાખ્યા, અલ્લાહ તઆલા એના માટે જન્નતમાં મહેલ બનાવે છે.

નમાઝે અવ્વાબીનની વીસ રકાતનો સવાબ

હદીસ : હઝરત આઈશા (રદિ.) ફરમાવે છે કે, જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો :

જેણે મગરિબ અને ઈશાની વચમાં વીસ રકાત અદા કરી, અલ્લાહ તઆલા એના માટે જન્નતમાં ઘર બનાવે છે.

અવ્વાબીનની નમાઝની વીસ રકાતનું ઈનામ

હદીસ : હઝરત અબ્દુલકરીમ બિન હારિસ (રહ.) ફરમાવે છે કે, આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો :

જે માણસે મગરિબ અને ઈશાની વચમાંની દસ રકાત (સલાતુલ અવ્વાબીન) અદા કરી તો અલ્લાહ તઆલા તેના માટે જન્નતમાં એક મહેલ બનાવે છે. હઝરત ઉમર બિન ખત્તાબ (રદિ.)એ અરજ કરી; પછી તો અમે ઘણા જ મહેલો બનાવી લઈશું ? આપે જવાબ આપ્યો કે અલ્લાહ તઆલા આનાથી ઘણો મોટો અને અફઝલ છે. (તમે જેટલો વધારે અમલ કરીને મહેલો બનાવશો, અલ્લાહ તઆલાના રહમતના ખઝાનામાં કાંઈ કમી થવાની નથી.)

ચોથા કલિમાને બજારમાં દાખલ થવાના સમયે પઢવાનો સવાબ

હદીસ : હઝરત ઉમર બિન ખત્તાબ (રદિ.)થી રિવાયત છે કે, જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો :

જે માણસ બજારમાં દાખલ થાય અને આ કલિમાત પઢે :

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ،
لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ يُحْيِيْ وَيُمِيْتُ
بِيَدِهِ الْخَيْرُ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ط

તો અલ્લાહ તઆલા એના માટે એક લાખ નેકી લખે છે અને એક લાખ ગુનાહ મિટાવે છે અને જન્નતમાં એક મહેલ બનાવે છે.

નોટ : એક હદીસમાં દસ લાખ નેકી લખવાની પણ ફઝીલત આવી છે.

અસરની ચાર સુન્નતો પર એક મહેલનું ઈનામ

હદીસ : ઉમ્મુલ મુઅમિનીન હઝરત ઉમ્મે હબીબહ (રદિ.) ફરમાવે છે કે જનાબ રસૂલે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો :

જે માણસ અસરથી પહેલાની ચાર સુન્નતો પાબંદીથી પઢતો રહ્યો તો અલ્લાહ તઆલા જન્નતમાં એના માટે એક મહેલ બનાવશે.

લાલ યાકૂત અથવા લીલા ઝબર્જદનો એક મહેલ

હદીસ : હઝરત ઈબ્ને ઉમર (રદિ.) ફરમાવે છે કે, જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો :

જે માણસે રમઝાનના કોઈ દિવસનો રોઝો ખામોશી અને ગંભીરતાથી રાખ્યો તો અલ્લાહ તઆલા એના માટે લાલ યાકૂતથી અથવા લીલા (કલરના) ઝબર્જદથી એક મહેલ જન્નતમાં બનાવશે.

ચાર નેક કામ

હદીસ : હઝરત આઇશા (રદિ.)થી રિવાયત છે કે આં હઝરત (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ સવાલ ફરમાવ્યો :

તમારામાંથી આજે કોઇએ રોઝો રાખ્યો છે ? હઝરત અબૂબક્ર (રદિ.)એ અરજ કરી; મેં (રોઝો રાખ્યો છે). હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ પૂછયું; તમારામાંથી કોઇએ (કોઇ મુસલમાનના) જનાઝાને રુખ્સત કર્યો છે ? હઝરત અબૂબક્ર (રદિ.)એ અરજ કરી; મેં. હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ પૂછયું; તમારામાંથી કોઇએ બીમારની બીમારપુર્સી કરી છે ? હઝરત અબૂબક્ર (રદિ.)એ અરજ કરી; મેં (કરી છે) (તો જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઇરશાદ ફરમાવ્યો, જે મુસલમાનમાં આ આદતો હોય તો અલ્લાહ તઆલા તેના માટે જન્નતમાં શાનદાર મહેલ બનાવશે.

સૂરએ દુખાનની તિલાવત

હદીસ : હઝરત અબૂ ઉમામહ (રદિ.) ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઇરશાદ ફરમાવ્યો :

مَنْ قَرَأَ حٰمٓ الدُّخَانَ فِيْ لَيْلَةِ الْجُمُعَةِ
وَيَوْمَ الْجُمُعَةِ بَنَى اللّٰهُ لَهٗ بَيْتًا فِي الْجَنَّةِ ط

જે માણસ જુમ્આ અને જુમ્આની રાતમાં સૂરએ દુખાનની તિલાવત કરશે તો અલ્લાહ તઆલા તેના માટે જન્નતમાં એક મહેલ બનાવશે.

નેક અમલો કરતા રહેવાથી જન્નતની તા'મીર થતી રહે છે

હકીમ બિન મુહમ્મદ અજમી (રહ.) ફરમાવે છે કે મને આ વાત પહોંચી છે કે જન્નત ઝિક્રુલ્લાહ (એટલે કે દરેક પ્રકારની ઈબાદત)ની સાથે બનતી રહે છે. જ્યારે મુસલમાન ઝિક્ર કરવાથી થોભી જાય છે તો (જન્નતને તૈયાર કરવાવાળા ફરિશ્તા) જન્નતને બાંધવાથી થોભી જાય છે. જ્યારે એમને કહેવામાં આવે છે કે તમે કેમ થોભી ગયા ? તો તેઓ કહે છે કે અમારા સુધી ખર્ચો (એટલે કે સારા કામો) પહોંચશે (તો પછી અમે જન્નતને બનાવવાનું શરૂ કરી આપીશું.)

હઝરત મુહમ્મદ નસર હારસી (રહ.) ફરમાવે છે કે જે મુસલમાન પણ દુનિયામાં ફક્ત ઈબાદતમાં લાગેલો રહે તો એના માટે કોઈ ફરિશ્તો એના દરજાતની તરક્કીના કામમાં લાગેલો રહે છે. જ્યારે બંદો અમલ (કરવા)થી રોકાઈ જાય છે તો આ ફરિશ્તાઓ પણ જન્નતની સજાવટ અને તરક્કી કરવાથી થોભી જાય છે. જ્યારે એમને કહેવામાં આવે છે કે તમે કેમ થોભી ગયા ? તો તેઓ કહે છે કે અમારો સાથી (દુનિયામાં મવજૂદ અમલ કરવાવાળો) બેકાર કામમાં મશગૂલ થઈ ગયો છે.

જન્નતના ઊંચા-અદના અને દરમિયાની દરજામાં ત્રણ મહેલો

હદીસ : હઝરત ફુઝાલા બિન ઉબૈદ (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને મેં ઈરશાદ ફરમાવતાં સાંભળ્યા છે કે,

જે માણસ મારા પર ઈમાન લાવ્યો, મુસલમાન થયો અને અલ્લાહના રસ્તામાં જિહાદ કર્યો તો હું એના માટે જન્નતના નીચેના દરજામાં એક મહેલનો ઝામિન છું અને જન્નતના વચલા ભાગમાં મહેલનો ઝામિન છું અને એક ઊંચા બાલાખાના (છત)માં મહેલનો ઝામિન છું.

નમાઝની સફની ખાલી જગ્યા પૂર કરવી

હદીસ : હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે, જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો :

જે માણસે નમાઝની સફની ખાલી જગ્યા પૂર કરી તો અલ્લાહ તઆલા તેના માટે જન્નતમાં આ કારણે એક દરજો ઊંચો કરશે અને એના માટે જન્નતમાં એક મહેલ બનાવશે.

ગુઝારાની રોઝી પર કનાઅત (સંતોષ) કરવાથી જન્નતુલ ફિરદૌસમાં ઠેકાણું

હઝરત બરાઅ બિન આઝિબ (રદિ.) ફરમાવે છે કે, જે માણસે ઘણી જ મા'મૂલી દરજાની ગુઝારાની રોઝી પર સુંદર

સબ્રનો દેખાવ કર્યો તો તે માણસ જયાં ઇચ્છશે, ત્યાં અલ્લાહ તઆલા તેને જન્નતુલ ફિરદૌસમાં જગ્યા અતા કરશે.

જન્નતના ત્રણેવ દરજાઓમાં મહેલો

હદીસ : જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઇરશાદ ફરમાવ્યો :

જે માણસ જૂઠ (બોલવા)ને છોડી દે તો અલ્લાહ તઆલા તેના માટે જન્નતના ઉપર(ના ભાગમાં) એક મહેલ બનાવશે અને જેણે ઝઘડો કરવાનું છોડી દીધું, જો કે તે હક પર હતો તો અલ્લાહ તઆલા તેના માટે જન્નતની વચમાં એક મહેલ બનાવશે અને જેના અખ્લાક પાકીઝહ હશે તો અલ્લાહ તઆલા તેના માટે જન્નતની ઉમદા (આ'લા) જગ્યામાં મહેલ બનાવશે.

લાલ યાકૂતનો મહેલ

હદીસ : હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.)થી રિવાયત છે કે, જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઇરશાદ ફરમાવ્યો :

لَيْسَ عَبْدٌ مُؤْمِنٌ فِيْ رَمَضَانَ كَتَبَ اللّٰهُ تَعَالٰى لَهُ بِكُلِّ سَجْدَةٍ
اَلْفًا خَمْسَ مِائَةٍ وَبَنٰى لَهُ بَيْتًا فِي الْجَنَّةِ مِنْ يَاقُوْتِهٖ حَمْرَاءَ ط

જે માણસ રમઝાનુલ મુબારકમાં રોઝા રાખે છે તો અલ્લાહ તઆલા તેના માટે દરેક સજદહના બદલામાં ૧૫૦૦ નેકીઓ

લખી આપે છે અને એના માટે જન્નતમાં લાલ યાકૂતનો એક મહેલ બનાવી આપે છે.

કબર ખોદવાનો સવાબ

હદીસ : હઝરત જાબિર (રદિ.) ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો :

જે માણસે એક કબર ખોદી તો અલ્લાહ તઆલા તેના માટે જન્નતમાં એક ઘર બનાવે છે.

નોટ : તે હઝરાત જે આ નેક અમલોને સવિગત પઢવાનું અને અમલ કરવાનું ઈચ્છે છે, જેના કરવાથી જન્નતના મહેલો અને બીજા ઈનામો મળે છે તો અમારી કિતાબ "રહમતકે ખઝાને" ને જુએ. આ કિતાબ હાફિઝ ઈબ્ને કસીર અને ઈમામ ઝહબી (રહ.)ના ઉસ્તાદ ઈમામ શરફુદીન દમયાતી (રહ.)ની કિતાબ "અલ મુત્ત-જરુ-ર્રાબિહ ફી સવાબિલ્ અમલિસ્સાલિહ"નો તરજુમો છે, જે પોતાના વિષયમાં સારી અને મુકમ્મલ કિતાબ છે, જે વાંચવા-પઢવા લાયક છે. (ઈમ્દાદુલ્લાહ)

સેવા કરવાવાળા છોકરાઓ અને ખાદિમો

અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે :

અને તે (જન્નતીઓ)ની પાસે એવા છોકરાઓ આવતા-જતા રહેશે જેઓ હંમેશા છોકરાં જ રહેશે (ન તો તે મોટા થશે અને ન તો ઘરડા અને ન એમની ચમક-દમકમાં કોઈ

કમી વાકિઅ થશે, અને તે એટલા બધા ખૂબસૂરત છે કે) હે માનવી ! જો તું એમને (ચાલતા ફરતા) જુએ તો એમ સમજે કે મોતીઓ છે, જે વેરવિખેર પડયાં છે. હે માનવી ! તું જો આ જગ્યાને જુએ તો તને મોટી નેઅમત અને મોટી સલતનત (હુકૂમત) નજરે પડશે. (સૂરએ દહ્ર : ૧૯/૨૦)

અલ્લાહ તઆલા વધુ ઈરશાદ ફરમાવે છે :

અને એમની પાસે મેવાઓ વગેરે લાવવાના માટે એવા છોકરાઓ આવતા–જતા રહેશે, જે ખાસ એમની (જ સેવા)ના માટે હશે (અને વધારે હુસ્ન અને જમાલથી એવા લાગશે કે) જેવી રીતે હિફાઝતથી રાખેલા મોતી છે કે એમના ઉપર જરાક પણ ધૂળ નથી હોતી અને ચમક–દમક ઊંચા દરજાની હોય છે.) (સૂરએ તૂર : ૨૪)

અલ્લાહ તઆલા વધુ ઈરશાદ ફરમાવે છે :

એમની પાસે એવા છોકરાઓ જે હંમેશા છોકરા જ રહેશે, આ વસ્તુઓ લઈને આવતા–જતા રહેશે : પ્યાલાઓ અને સુરાહીઓ અને એવા શરાબના પ્યાલા જે વહેતી શરાબથી ભરવામાં આવશે. (સૂરએ વાકિઅહ : ૧૭/૧૮)

અદના દરજાના જન્નતીના દસ હજાર ખાદિમો હશે

હદીસ : હઝરત અનસ બિન માલિક (રદિ.) ફરમાવે છે કે, જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો :

બધા જન્નતીઓમાં સૌથી ઓછા દરજાનો જન્નતી તે હશે,

જેની સેવામાં દસ હજાર ખાદિમો ઊભા હશે.

એંસી હજાર ખાદિમ

હદીસ : હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.) ફરમાવે છે કે, જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો :

જન્નતીઓમાં સૌથી ઓછા દરજાનો જન્નતી તે હશે, જેના એંસી હજાર ખાદિમો હશે અને સારી બીવીઓ હશે અને એના માટે એક કુબ્બા (ગુંબજ) લુઅલુઉ અને યાકૂત અને જબર્જદનો ઊભો કરવામાં આવશે (જેની લંબાઈ) જાબિયા (શામ દેશમાં દમિશ્ક શહેરની પાસે એક શહેરનું નામ છે)થી સન્આ (યમન દેશની રાજધાની)ના જેટલી હશે.

સિત્તેર હજાર ખાદિમો સ્વાગત કરશે

હઝરત અબ્દુર્રહમાન અલ હબલી (રહ.) ફરમાવે છે કે જ્યારે મુઅમિન જન્નતમાં દાખલ થશે તો સિત્તેર હજાર ખાદિમો તેનું સ્વાગત કરશે, જેઓ (ચમક–દમકમાં) જવાહિરાત સમાન છે.

સવાર અને સાંજના પંદર હજાર ખાદિમ

હઝરત અબૂ હુરયરહ (રદિ.) ફરમાવે છે કે બધાથી કમ દરજાનો જન્નતી તે હશે, (હાલાં કે એમના પૈકી પોતપોતાની રીતે કોઈ ઓછા દરજાનો ન હશે) જેની સામે દરરોજ પંદર હજાર ખાદિમો હાજર થયા કરશે, એમાંથી કોઈ ખાદિમ એવો

ન હશે, પરંતુ એના હાથમાં એક કિંમતી નવી વસ્તુ હશે, જે એના સાથેવાળાની પાસે ન હશે.

ગુલામોની ઘણી લાંબી બે સફો

હઝરત અબ્દુર્રહમાન અલ્મઆફિરી (રહ.) ફરમાવે છે કે, જન્નતીના માટે ગુલામોની બે સફો બનાવવામાં આવશે, જેનો છેલ્લો કિનારો નજર ન આવતો હશે, જયારે આ જન્નતી એમની પાસેથી પસાર થશે તો તે એની પાછળ પાછળ ચાલશે.

અદના દરજાના જન્નતીના દસ હજાર ખાદિમો અલગ અલગ ખિદમત કરતા હશે

હઝરત ઈબ્ને અમ્ર (રદિ.) ફરમાવે છે કે સૌથી અદના દરજાનો જન્નતી તે હશે, જેના દસ હજાર ખાદિમો સેવા કરતા હશે. દરેક ખાદિમ એવી સેવા કરી રહ્યો હશે, જેને બીજો કરતો નહિ હોય. પછી આ આયત તિલાવત કરી : જો તું (એમને ચાલતા–ફરતા) જુએ તો તું એવું સમજે કે આ મોતીઓ છે, જે વિખેરાય ગયાં છે.

હૂર કોને કહે છે ?

હઝરત મુજાહિદ (રહ.) ફરમાવે છે, હૂર તેને કહે છે, જેને જોવાથી આંખ અચંબામાં પડી જાય. એની પિંડલી કપડાની આરપાર નજર આવતી હોય. જોનાર વ્યકિત પોતાના ચહેરાને

તે હૂરોમાંથી દરેકના દિલમાં ચામડીની નરમી અને રંગની સફાઇના કારણે આઇનાની જેમ નિહાળશે.

અલ્લાહ તઆલા ઇરશાદ ફરમાવે છે :

આ (બાગોનાં મકાનો અને મહેલો)માં નીચી નજર–વાળીઓ (એટલે હૂરો) હશે કે તે (જન્નતી) લોકોથી પહેલાં એમના પર ન તો કોઇ આદમીએ તસર્રુફ (ઉપયોગ) કર્યો હશે અને ન કોઇ જિન્નાતે (એટલે કે બિલકુલ સુરક્ષિત હશે. તેથી હે જિન્નાતો અને ઇન્સાનો ! (આ મહાન અને પુષ્કળ નેઅમતો હોવા છતાં) તમે પોતાના રબની કઇ કઇ નેઅમતોનો ઇનકાર કરનાર થઇ જશો (અને રંગઢંગ એ પ્રમાણમાં સાફ અને ચમકદાર હશે કે) જેમ કે તે યાકૂત અને મરજાન છે.
(સૂરએ રહમાન : ૫૭/૫૮)

હઝરત હસન બસરી (રહ.) ફરમાવે છે કે હૂર તે છે, જેની આંખનો (સફેદ ભાગ) ઘણો જ સફેદ હોય અને કાળો ભાગ ઘણો જ કાળો હોય.

હઝરત આઇશા (રદિ.) ફરમાવે છે, ગોરો રંગ અડધું હુસ્ન છે.

اَلْبَيَاضُ نِصْفُ الْحُسْنِ۔

હઝરત ઉમર (રદિ.) ફરમાવે છે કે જયારે ઔરતના ખૂબસૂરત વાળની સાથે એનો ગોરો (ભૂરો) રંગ ઘણો ચમકી જાય તો એનું હુસ્ન મુકમ્મલ થઇ જાય છે.

હૂરે ઈન કોને કહે છે ?

અલ્લામહ ઇબ્ને કય્યિમ (રહ.) ફરમાવે છે કે હૂર

હવ્રાઅનું બહુવચન છે અને હવરાઅ્ તે ઔરતને કહે છે જે જવાન હોય, ખૂબસૂરત હોય, ગોરા (ભૂરા) રંગની હોય, કાળી આંખવાળી હોય અને "ઈન" અય્નાઅ્નું બહુવચન છે અને અય્નાઅ્ તે સ્ત્રીને કહે છે, જે ઔરતોમાં મોટી આંખોવાળી હોય.

આ રીતે હૂર હવ્રાઅ્નું બહુવચન છે અને ઈન અય્નાઅ્નું બહુવચન છે. ઉર્દૂની વાતચીતમાં લોકો હૂરે ઈનને એકવચનના અર્થસમૂહમાં ઉપયોગ કરે છે અને આ ગલતી આમ થઈ રહી છે. હાલાં કે હૂરે ઈન બહુવચન છે અને એનું એકવચન હવ્રાએ અય્નાઅ્ આવે છે, પરંતુ વધારે પડતા ઉપયોગમાં ઉર્દૂ ઝબાનમાં હૂરે ઈન એકવચન બોલાય છે. અમે દરેક જગ્યાએ આ કિતાબમાં હૂરે ઈનનો બહુવચનનો અર્થ નજર સમક્ષ રાખી બહુવચનનો જ અર્થ કર્યો છે અને અમુક જગ્યાએ ઉર્દૂની વાતચીતની મજબૂરીને નજર સામે રાખીને હૂરનો શબ્દ એકવચનના અર્થમાં પણ ઉપયોગ્યો છે. (ઈમ્દાદુલ્લાહ)

جَزَى اللّٰهُ عَنَّا مُحَمَّدًا
مَّا هُوَ اَهْلُهٗ ط

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط

(૬૧) સાચાં મોતી

★ અલ્લાહના નેક બંદાઓની વાતો સાચાં મોતી છે.

★ ભલાઈનો દરેક લફ્ઝ મુઅમિન માણસની મીરાષ છે, જ્યાંથી મળે, ઉઠાવી લે.

★ જ્યારે કોઈ કોમનો મોટો માણસ તમારી પાસે આવે તો તેની ઈઝઝત કરો.

★ બુરું કામ કરનારની બુરાઈઓ તેને પકડી લેશે અને તે પોતાના ગુનાહોના દોરડાઓમાં જકડાઈ જશે.

★ અલ્લાહ તઆલા આ છ (૬) વસ્તુઓને નાપસંદ કરે છે :

(૧) ઊંચી આંખો, (૨) જૂઠી જબાન, (૩) તે હાથ જે બેગુનાહને તકલીફ પહોંચાડે, (૪) તે દિલ જે ખરાબ ખરાબ પેંતરા રચે છે, (૫) તે પગ જે જલદીથી ખરાબ અમલની તરફ દોડે છે, (૬) તે ગવાહ જે જૂઠું બોલે છે અને તે માણસ જે ભાઈઓની વચ્ચે ઝઘડા ઊભા કરે છે.

★ અલ્લાહ તઆલાનો રસ્તો સીધા લોકોના માટે તવાનાઈ (શક્તિ) અને ખરાબ અમલ કરનારાઓ માટે હલાકત કરવાવાળી છે.

★ ધંધો એક ઈબાદત છે, દુકાન તેની ખલવત (એકાંત) છે, મૂડી તેનો તકવો છે અને નફો તેની જન્નત છે.

★ ઓછું બોલવું હિકમત છે, ઓછું ખાવું તંદુરસ્તી છે, ઓછું સૂવું ઈબાદત છે અને આમ લોકોથી મેળમિલાપ ઓછો રાખવામાં સલામતી છે.

★ બેશક, દુનિયા અને આખિરતની મિસાલ એવી છે, જેવી રીતે કોઈ માણસના નિકાહમાં બે અવરતો હોય કે જ્યારે એકને ખુશ કરે છે તો બીજી નારાજ થઈ જાય છે.

★ મુઅઝ્ઝિન અલ્લાહની તરફથી અવાજ દેનાર છે અને ગાવાવાળો શયતાનના તરફથી અવાજ દેનાર છે.

★ બજારમાં અલ્લાહના ઝિક્રમાં મશગૂલ રહેનાર માણસ મુડદાઓમાં જીવતાની જેમ, મજબૂર લોકોમાં સિપાહીની જેમ અને સૂકાયેલા ઝાડોમાં લીલાછમ ઝાડોની જેમ છે.

★ જે માણસ ભૂખો રહે છે આ સાલિકીનની આદત છે (જે લોકો કે બુઝુર્ગોથી બયઅત હોય છે) અને થોડીક વસ્તુ પર સબર કરે છે. આ સબર કરવાવાળાઓની નિશાની છે.

★ જેનું કોઈ ઘર નથી હોતું આ અલ્લાહ પર ભરોસો કરવા–વાળા લોકોની નિશાની છે.

★ જે માણસ રાત્રે ઘણું ઓછું સૂએ છે તો આ રાત્રે જાગવાવાળાઓની ખૂબીઓ અને અલ્લાહથી મુહબ્બત કરવાવાળાઓની નિશાની છે.

★ જ્યારે કોઈ માણસ મરણ પામે છે અને કોઈ મીરાષ નથી છોડતો તો આ ખૂબી દુનિયાથી મુહબ્બત ન રાખવાવાળાની જેમ છે.

★ જે પોતાના માલિકને નથી છોડતો, ભલે પછી તે તેના ઉપર ઝુલ્મ કરે અને તેને મારે, આ અલ્લાહના સાચા મુરીદોની

નિશાની છે.

★ જે માણસ થોડી જગ્યા પર રાજી થઈ જાય છે તો આ તવાઝુઅ કરવાવાળાઓની નિશાની છે.

★ ચાર નેકીઓ બધાથી ફઝીલતવાળી છે : ગુસ્સાના વખતે માફ કરી દેવું, એકલાપણામાં પરહેઝગારી, ગરીબીની હાલતમાં સખાવત અને તાકાત હોવા છતાં આજિઝી.

★ ધન–દોલતવાળાને બખીલાઈ, બાદશાહને લાલચ, જવાનને સુસ્તી, ઈબાદત કરનારને તકબ્બુર અને સખાવત કરનારને પસ્તાવો ખરાબ કરે છે.

★ જબાન ભલે તલવાર નથી, પરંતુ તલવારથી વધારે તેજ (ધારદાર) છે. વાત ભલે તીર નથી, પરંતુ તીરથી વધારે ઝખ્મી કરનાર છે. ગુસ્સો ભલે સિંહ નથી, પરંતુ સિંહથી વધારે ડરાવનાર છે. નશો ભલે સાપ નથી, પરંતુ સાપથી વધારે ભયાનક છે અને ગુનાહ ભલે ઝેર નથી, પરંતુ ઝેરથી વધારે વિનાશકારી છે.

★ અમલ વગરનો આલિમ, નકલી મીણબત્તી, માલ ન હોવા છતાં સખાવત, ફળ વગરનું ઝાડ, બેવકૂફ માણસ, બોલવાવાળું જાનવર, તે તલવાર જેમાં અચ્છાઈની નિશાની ન હોય, બુરો આલિમ, ઊંઘતો સવાર, અનપઢ પરહેઝગાર, પગપાળા તેજ ચાલવાવાળો, અન્યાય કરવાવાળો બાદશાહ, આંધળો કૂવો, માલદાર બખીલ, વગર મોસમનો વરસાદ, દયાહીન ઈનામ દેવાવાળો–આ દરેકનું બંને દુનિયામાં મોં કાળું.

★ દસ વસ્તુઓ દસ વસ્તુઓને ખાઈ જાય છે : (૧) નેક અમલ બુરાઈને, (૨) ગુરૂર ઈલ્મને, (૩) તૌબા ગુનાહને, (૪)

જૂઠ રોઝીને, (૫) ન્યાય ઝુલ્મને, (૬) ગમ ઉંમરને, (૭) સદકો મુસીબતને, (૮) ગુસ્સો અક્કલને, (૯) પસ્તાવો સખાવતને અને (૧૦) ગીબત નેક અમલને.

★ દસ આદતો દસ માણસોથી અલ્લાહ તઆલાને નાપસંદ છે : (૧) બખીલાઈ માલદારોથી, (૨) ગુરૂર ફકીરોથી, (૩) લાલચ આલિમોથી, (૪) બેહયાઈ અવરતોથી, (૫) દુનિયાની મુહબ્બત ઘરડાઓથી, (૬) સુસ્તી જવાનોથી, (૭) ઝુલ્મ બાદશાહોથી, (૮) બુઝદિલી સિપાહીઓથી, (૯) ખુશપસંદી (આત્મપ્રશંસા) ઝાહિદોથી અને (૧૦) દેખાડો ઈબાદત કરનારાઓથી.

★ પાંચ વસ્તુઓ તકલીફ પહોંચાડવાવાળી છે : (૧) કોઢની બીમારી, (૨) ખરાબ માણસનું કર્ઝ, (૩) ઝુલ્મ કરનાર બાદશાહ, (૪) બગડેલો ગામડિયો, (૫) અભણ હોદ્દેદાર અને બુરો પાડોશી.

★ મજા વગરની છે બગીચાની સહેલ દોસ્તો વગર, જવાની વગરની ઉંમર, ગુલાબ વગરનું શરબત, જીન વગરની સવારી, હિકમત વગરની વાતો, વેપાર વગરનો માલ, સખાવત વગરનું દિલ, નાહિમ્મત માણસ, ઈઝઝત વગરની સ્ત્રી, જુલ્મ કરનાર બાદશાહ, પરહેઝી વગરની દવા, અમલ વગરની ઝિંદગી અને ઈલ્મ વગરનો અમલ.

★ આઠ વસ્તુઓ કદી પણ નથી ધરાતી : (૧) આંખ જોવાથી, (૨) જમીન વરસાદથી, (૩) બદચલન અવરત આદમીથી, (૪) આલિમ ઈલ્મથી, (૫) સવાલ કરવાવાળો સવાલથી, (૬) લાલચી માલ ભેગો કરવાથી, (૭) દરિયો પાણીથી અને (૮) આગ લાકડીઓથી. (હદીષ)

★ ત્રણ માણસો બધાથી વધારે ક્રોધપાત્ર પાત્ર છે : (૧) ઘમંડ

કરનાર ફકીર, (૨) ઘરડો વ્યભિચારી અને (૩) બુરાઈ કરનાર આલિમ. (હઝરત અલી રદિ.)

★ અવરતની ભલાઈ બે વાતોમાં છે : (૧) તેને કોઈ નામહરમ ન જુએ, (૨) તે કોઈ નામહરમને ન જુએ. (ખાતૂને જન્નત રદિ.)

★ અવરતથી ચાર વસ્તુઓ ચાહો : (૧) તેના દિલમાં નેકી હોય, (૨) તેના ચહેરામાં શરમ હોય, (૩) તેની ઝબાનમાં મીઠાશ હોય, અને (૪) તેના હાથ કામમાં લાગેલા રહે.

★ લોકોથી દૂર રહો, ત્રણ બરકતો હાસિલ થશે : (૧) શરીરનો આરામ, (૨) રૂહની તાકાત, (૩) ઈમાનની હિફાઝત.

અશ્આર

(૧) અગર મોત આએ ન રંજૂર હો. જો છુટ્ટી હો મઝદૂર મસ્રુર હો.

બદલ જાએ જીનેકા દુખ ચેનસે, જો મર જાએ સો જાએ સુખ ચેનસે,

મિલા મરનેવાલોંકો આરામ વહ, કે ઉઠતે લેતે નહીં નામ વહ.

(૨) સંવરતે થે કે ઈક આલમકી આંખેં હમકો દેખેંગી,
ખબર કયા થી હમારી મજલિસેં માતમકો દેખેંગી,
સિતમ હૈ જામ-એ-હસ્તીકા ઈસ તનસે જુદા હોના,
લિબાસે તંગ હૈ ઉતરેગા આખિર ધજ્જિયાં હોકર,
જિતની બઢતી ઈતની ઘટતી હૈ,

ઝિંદગી આપ હી આપ કટતી હૈ,
નઝરે ગોરસે જો દુન્યાકી હાલત દેખી,
હમને બરપા યહીં હરરોઝ કિયામત દેખી.

★ હઝરત અલી (રદિ.)ને કોઈએ પૂછયું કે ઈલ્મ સારી વસ્તુ છે અથવા દૌલત ? આપે ફરમાવ્યું, ઈલ્મ સારી વસ્તુ છે. એટલા માટે કે દૌલત કારૂન અને ફિરઔનને મળે છે અને ઈલ્મ પયગમ્બરોને મળે છે. આદમીને દૌલતની હિફાઝત કરવી પડે છે, પરંતુ ઈલ્મ આદમીની હિફાઝત કરે છે. દૌલતવાળા માણસોના દુશ્મન વધારે હોય છે, પરંતુ ઈલ્મ–વાળા માણસોના દોસ્ત વધારે હોય છે. દૌલત ખર્ચ કરવાથી ઘટે છે અને ઈલ્મ ખર્ચ કરવાથી વધે છે. દૌલતવાળો માણસ બખીલ અને ઈલ્મવાળો સખી હોય છે. દૌલતને ચોર ચોરી શકે છે, પરંતુ ઈલ્મને ચોરી શકતો નથી. દૌલત ગુરૂર શિખવાડે છે અને ઈલ્મ બુર્દબારી શિખવાડે છે. દૌલતની હદ હોય છે, પરંતુ ઈલ્મની કોઈ હદ નથી હોતી.

★ નેક દિલ માણસ દુશ્મનોના સાથે પણ નેકી કરવાનું નથી ચૂકતા.

સંદલ ઉસ કુલ્હાળેકા મુંહ ભી ખૂશ્બુદાર કર દેતા હૈ, જો ઉસે કાટતા હૈ.

★ પસ્તાવો ચાર પ્રકારનો હોય છે : (૧) પસ્તાવો એક દિવસનો, જયારે કોઈ માણસ ઘરેથી ખાધા વગર ચાલ્યો જાય, (૨) પસ્તાવો વર્ષભરનો, જયારે ખેતીનો વખત ગફલતમાં પસાર થઈ જાય, (૩) પસ્તાવો ઉંમરભરનો, જયારે પોતાની અવરત સાથે બરાબરી ન હોય, (૪) પસ્તાવો હમેશાના માટે, જયારે અલ્લાહ તઆલા નારાજ હોય.

(૬૨) મેદાને હશ્રમાં સિફારિશ

એક હદીસમાં આવ્યું છે કે કિયામતના દિવસે જહન્નમીઓને એક સફમાં ઊભા કરવામાં આવશે. તેમની પાસેથી એક મુસ્લિમ (કામિલ જન્નતી) પસાર થશે. તે સફમાંથી એક માણસ તેનાથી કહેશે કે તું મારા માટે અલ્લાહ તઆલાના ત્યાં સિફારિશ કરી આપ. તે પૂછશે કે તું કોણ છે ? તે જહન્નમી કહેશે કે તું મને નથી ઓળખતો ? તેં દુનિયામાં એક વખતે મારાથી પાણી માંગ્યું હતું, જેથી મેં તને પાણી પિવડાવ્યું હતું. તેથી તે સિફારિશ કરશે (અને તે સિફારિશ કબૂલ થઈ જશે.) એવી જ રીતે બીજો માણસ કહેશે કે તેં દુનિયામાં વસ્તુ માગી હતી. તે મેં તને આપી દીધી હતી. (કન્ઝ)

એક હદીસમાં છે કે જહન્નમીઓની સફ પર એક જન્નતી પસાર થશે તો તેમાંથી એક માણસ અવાજ દઈને કહેશે કે તમે મને નથી ઓળખતા ? હું તે જ તો છું, જેણે ફલાણા દિવસે તમને પાણી પિવડાવ્યું હતું. ફલાણા વખતે તમને વુઝૂના માટે પાણી આપ્યું હતું. (મિશ્કાત)

એક બીજી હદીસમાં છે કે કિયામતના દિવસે જન્નતી અને જહન્નમી લોકોની જ્યારે સફો લાગી જશે તો જહન્નમી સફોમાંથી એક માણસની નજર જન્નતી સફોમાંથી કોઈ માણસ પર પડશે અને તે તેને યાદ આપશે કે મેં દુનિયામાં તારી સાથે ઉપકાર કર્યો હતો તેથી તે માણસ તેનો હાથ પકડીને અલ્લાહ તઆલાના દરબારમાં દરખ્વાસ્ત કરશે કે યા અલ્લાહ ! તેનું મારા પર ફલાણું એહસાન છે. અલ્લાહ પાકના તરફથી હુકમ થશે કે અલ્લાહ તઆલાની રહમતના તુફૈલમાં જન્નતમાં દાખલ કરવામાં આવે. (કન્ઝ)

એક હદીસમાં છે કે ફકીર લોકોની ઓળખાણ વધારે રાખ્યા કરો અને તેમના ઉપર ઉપકાર કર્યા કરો. તેમની પાસે મોટી દૌલત છે. કોઈએ દરખ્વાસ્ત કરી કે યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! તે દૌલત શું છે ? હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે તેમને કિયામતના દિવસે કહેવામાં આવશે કે જેણે તમને કોઈ ટુકડો ખવડાવ્યો હોય અથવા પાણી પિવડાવ્યું હોય અથવા કપડાં દીધા હોય તો તેનો હાથ પકડીને જન્નતમાં પહોંચાડી આપો. એક હદીસમાં છે કે અલ્લાહ તઆલા શાનુહૂ કિયામતમાં ફકીરથી એવી રીતે ઉઝર કરશે જેવી રીતે કે માણસ માણસથી કર્યા કરે છે અને ફરમાવશે કે મારી ઈઝઝત અને જલાલની કસમ ! મેં દુનિયાને તારાથી એટલા માટે નથી હટાવી કે તું મારા નઝદીક રુસ્વા હતો, પરંતુ એટલા માટે હટાવી કે તારા માટે આજે મોટો બદલો છે. મારા બંદા ! આ જહન્નમી માણસોની સફોમાં ચાલ્યો જા. જેણે તને મારા માટે ખાવું ખવડાવ્યું હોય અથવા કપડાં આપ્યાં હોય તે તારા છે. તે એ હાલતમાં એ લોકોમાં દાખલ થશે કે આ લોકો મોઢા સુધી પરસેવામાં ડૂબેલા હશે. તે ઓળખીને તેમને જન્નતમાં દાખલ કરશે. (રવ્ઝતુર્રયહાન)

એક હદીસમાં છે કે કિયામતના દિવસે એલાન થશે કે મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની ઉમ્મતના ફકીરો ક્યાં છે ? ઊઠો, બીજા લોકોને કિયામતના મેદાનમાં ઢૂંઢો. જે માણસે તમારામાંથી કોઈને મારા માટે એક કોળિયો આપ્યો હોય અથવા મારા માટે કોઈ ઘૂંટડો પાણીનો આપ્યો હોય અથવા મારા માટે કોઈ નવા અથવા જૂના કપડાં આપ્યાં હોય, તેનો હાથ પકડી જન્નતમાં દાખલ કરી દો. તેના ઉપર ઉમ્મતના ફકીરો ઊઠશે અને કોઈનો હાથ પકડીને કહેશે કે

અય અલ્લાહ ! તેઓએ મને ખાણું ખવડાવ્યું હતું, તેઓએ મને પાણી પિવડાવ્યું હતું. કોઈ પણ ઉમ્મતના ફકીરોમાંથી નાનો અથવા મોટો માણસ એવો ન હશે, જે એમને જન્નતમાં દાખલ ન કરાવે. (ક-ઝ)

એક હદીસમાં આવ્યું છે કે જે કોઈ માણસ કોઈ સજીવને જે ભૂખ્યો હોય ખાવું ખવડાવે તો અલ્લાહ તઆલા શાનુહૂ તેને જન્નતના ખાણામાંથી સૌથી વધારે સારું ખાણું ખવડાવશે. (ક-ઝ)

એક હદીસમાં છે કે જે ઘેરથી લોકોને ખાણું ખવડાવવામાં આવતું હોય, ભલાઈ તે ઘરની તરફ એવી જલદીથી ધપે છે જેટલા જલદીથી છરી ઊંટના કોહાનમાં ચાલે છે. (ક-ઝ)

હઝરત અબ્દુલ્લાહ બિન મુબારક (રહ.) કિંમતી કિંમતી ખજૂરો બીજાઓને ખવડાવતા અને આ કહેતા કે જે માણસ વધારે ખાશે તેને ખજૂરની સાથે એક દિરહમ પણ દેવામાં આવશે. (ઇહ્યા)

એક હદીસમાં છે કે કિયામતના દિવસે એલાન કરનાર એલાન કરશે કે ક્યાં છે તે લોકો જેમણે ફકીરો અને ગરીબોની ઈઝઝત કરી. આજે તમે જન્નતમાં એવી રીતે દાખલ થઈ જાઓ કે તમારા ઉપર કોઈ પ્રકારનો ન ડર છે, ન તમે રંજ–ગમ કરો અને એક એલાન કરનાર એલાન કરશે કે ક્યાં છે તે લોકો જેમણે બીમાર ફકીરો અને ગરીબોની બીમારપુર્સી કરી. આજે તે નૂરના મિમ્બરો પર બેસે અને અલ્લાહ તઆલાથી વાતો કરે અને બીજા લોકો હિસાબની સખતીમાં મશગૂલ હશે. (ક-ઝ)

એક હદીસમાં છે કે કેટલીક હૂરો એવી છે, જેમની મહર એક મુટ્ટીભર ખજૂર અથવા એટલા જ માપની કોઈ બીજી વસ્તુ દેવાની છે. (ક-ઝ)

એક હદીસમાં છે કે ભૂખ્યાને ખાણું ખવડાવવાથી વધારે ફઝીલતવાળો કોઈ સદકો નથી. (ક-ઝ)

એક હદીસમાં આવ્યું છે કે મગફિરતને વાજિબ કરવા–વાળી વસ્તુઓમાં ભૂખ્યાને ખાણું ખવડાવવું છે. (ક-ઝ)

એક હદીસમાં આવ્યું છે કે અલ્લાહ જલ્લ શાનુહૂના નજીક બધા અમલોથી વધારે પ્યારો અમલ કોઈ મુસલમાનને ખુશ કરવું છે અથવા એના ગમને દૂર કરવું છે અથવા એનં કર્ઝ અદા કરી આપવું છે અથવા ભૂખની હાલતમા ખાણું ખવડાવવું છે. (ક-ઝ)

એટલે આ બધાં કામો (અમલો) વધારે પસંદનીય છે.

એક બીજી હદીસમાં છે કે મગફિરતને વાજિબ કરવાવાળી વસ્તુઓમાં કોઈ મુસલમાનને ખુશી પહોંચાડવી છે. એની ભૂખને દૂર કરવી છે. એની મુસીબતને હટાવવી છે. (ક-ઝ)

એક હદીસમાં છે કે જે માણસ પોતાના કોઈ મુસલમાન ભાઈની દુન્યવી હાજત પૂરી કરે છે તો અલ્લાહ તઆલા શાનુહૂ તેની બોત્તેર (૭૨) જરૂરતો પૂરી કરે છે, જેમાંની હલકી જરૂરત એના ગુનાહોની મગફિરત છે. (ક-ઝ) એટલે બીજી જરૂરતો એનાથી પણ વધીને છે.

● ● ●

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

شَهِدَ اللّٰهُ اَنَّهٗ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۙ وَالْمَلٰٓئِكَةُ وَاُولُوا الْعِلْمِ قَآئِمًۢا بِالْقِسْطِ ۭ لَآ اِلٰهَ اِلَّا هُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿١٨﴾ (آل عمران ٣:١٨)

હદીષ : અબૂ વાઈલ (રહ.)એ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત કરીને બયાન કર્યું કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ સૂરએ આલિ ઈમરાનની ઉપરોક્ત આયત **"શહિદલ્લાહુ અન્નહૂ લા ઇલા-હ...."** પઢયા કરતો હોય તો એને કિયામતના દિવસે બારગાહે ઈલાહીમાં લાવવામાં આવશે. પછી અલ્લાહ તઆલા ફરમાવશે : મારા બંદાએ મારાથી અહદ કર્યો હતો—તે વચનબદ્ધ થયો હતો અને હું વચનપાલનનો સૌથી વધુ હકદાર છું. મારા બંદાને જન્નતમાં દાખલ કરી દો." (અલ્લામહ ઈબ્ને અબ્દુલ બર્ર (રહ.) કૃત "જામિઉ બયાનિલ ઈલ્મિ વ ફદ્લિહ્", ૧/૯૯, સંદર્ભ : મવલાના મુફતી મુહમ્મદ તકી ઉસ્માની સા. કૃત "તરાશે", પૃષ્ઠ : ૫૪/૫૫)

[૨૦] હદીષ : હઝરત જાબિર (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, જે માણસ સૂરએ અન્આમની શરૂઆતની ત્રણ આયતો પઢશે તો એના માટે ચાળીસ હજાર ફરિશ્તાઓ નિયુક્ત કરવામાં આવશે. તે ચાળીસ હજાર ફરિશ્તાઓ કિયામત સુધી ઈબાદત કરશે. એમની એ ઈબાદતનો બધો સવાબ આ આયતો પઢનારના નામ—એ—આ'માલ (કર્મપત્ર)માં લખવામાં આવશે. ઉપરાંત, એક ફરિશ્તો સાતમા આકાશમાંથી લોખંડની ગદા લઈને ઊતરે છે. જ્યારે શયતાન પઢનાર વ્યક્તિના દિલમાં વસવસા નાખે છે તો એ ફરિશ્તો એ ગદાથી શયતાનને બરાબર ફટકારે છે, જેથી એ પઢનાર અને શયતાનની વચ્ચે સિત્તેર (૭૦) પડદા આડવાડ બની જાય છે. અલ્લાહ તઆલા કિયામતના દિવસે એને ફરમાવશે : "તું મારા છાંયડા તળે ચાલ, મારા છાંયડા સિવાય બીજો કોઈ છાંયડો નથી. જન્નતનાં ફળ ખા, મારી હૌઝે કવષરનું પાણી પી, સલસબીલની

નહેરમાં ગુસલ કર. તું મારો બંદો છે અને હું તારો રબ."

(હાશિયતુસ્સાવી અલા તફસીરિલ જલાલૈન : ૨/૧૬૪)

સૂરએ અન્આમની શરૂઆતની ત્રણ આયતો આ પ્રમાણે છે :

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

اَلۡحَمۡدُ لِلّٰهِ الَّذِىۡ خَلَقَ السَّمٰوٰتِ وَالۡاَرۡضَ وَجَعَلَ الظُّلُمٰتِ
وَالنُّوۡرَ ۙ۬ ثُمَّ الَّذِيۡنَ كَفَرُوۡا بِرَبِّهِمۡ يَعۡدِلُوۡنَ ۝١ هُوَ الَّذِىۡ
خَلَقَكُمۡ مِّنۡ طِيۡنٍ ثُمَّ قَضٰۤى اَجَلًا ؕ وَاَجَلٌ مُّسَمًّى عِنۡدَهٗ ثُمَّ
اَنۡتُمۡ تَمۡتَرُوۡنَ ۝٢ وَهُوَ اللّٰهُ فِى السَّمٰوٰتِ وَفِى الۡاَرۡضِ ؕ يَعۡلَمُ
سِرَّكُمۡ وَجَهۡرَكُمۡ وَيَعۡلَمُ مَا تَكۡسِبُوۡنَ ۝٣ (الانعام۶:۳، پارہ۷)

● ● ●

اَللّٰهُمَّ رَبَّ مُحَمَّدٍ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰۤى اٰلِ
مُحَمَّدٍ وَّاجۡزِ مُحَمَّدًا صَلَّى اللّٰهُ عَلَيۡهِ وَسَلَّمَ
مَا هُوَ اَهۡلُهٗ ط

[૨૧] વીસ હજાર નેકીઓ અને....

ખતીબ બગદાદીએ રિવાયત કરી છે કે હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો : કોઈ વ્યક્તિ મુઅઝ્ઝિનને અઝાન કહેતાં સાંભળે ત્યારે જો આ (નીચે દર્શાવેલા કલિમાત) પઢશે તો

અલ્લાહ તઆલા એના માટે વીસ હજાર નેકીઓ લખી આપે છે અને એના વીસ હજાર ગુનાહોને મિટાવી દે છે તથા એના વીસ હજાર દરજાત બુલંદ કરી આપે છે. (તે કલિમાત આ પ્રમાણે છે) :

مَرْحَبًا بِالْقَائِلِيْنَ عَدْلًا
مَرْحَبًا بِالصَّلٰوةِ وَاَهْلًا

મર્હબમ્ બિલ્ કાઈલી-ન અદ્લન્

મર્હબમ્ બિસ્સલાતિ વ અહ્લન્

(અલ્લામહ સુયૂતી રહ. કૃત "જામિઉલ અહાદીષ" ભાગ : ૭, પેજ : ૩૧૩)

[૨૨] બેમિસાલ કલિમાત

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.) ફરમાવે છે કે રસૂલે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું છે કે અલ્લાહના કોઈ બંદાએ નીચે દર્શાવેલા કલિમાત પઢયા તો બે ફરિશ્તાઓ માટે મુશ્કેલ થઈ પડયું કે એમને કેવી રીતે લખે (અર્થાત્ એમનો અજર-સવાબ કેટલો લખે). આ બંને ફરિશ્તા આસમાન પર ચઢયા અને એમણે દરબારે ખુદાવંદીમાં અરજ કરી : હે અમારા પરવરદિગાર ! તારા બંદાએ એવા કલિમાત કહયા છે કે અમારી સમજમાં નથી આવતું કે એમને કેવી રીતે લખીએ ? ! અલ્લાહ તઆલા બંદાએ કહેલા કલિમાત જાણતો હોવા છતાં (ફરિશ્તાઓને) પૂછે છે કે મારા બંદાએ કયા કલિમાત કહયા છે ? ફરિશ્તાઓ કલિમાતને દોહરાવે છે. અલ્લાહ તઆલા ફરમાવે છે કે આ કલિમાતને મારા બંદાએ જેવી રીતે કહયા છે, એવી જ રીતે લખી લો.

મારી મુલાકાત પર હું જ એને આ કલિમાતનો બદલો અર્પણ કરીશ. (તે કલિમાત આ પ્રમાણે છે) :

يَارَبِّ لَكَ الْحَمْدُ كَمَا يَنْبَغِيْ لِجَلَالِ وَجْهِكَ وَعَظِيْمِ سُلْطَانِكَ ط

યા રબ્બિ લકલ્ હમ્દુ કમા યમ્બગી લિ–જલાલિ વજ્હિ–ક વ અઝીમિ સુલ્તાનિક.

[**અર્થ** : હે મારા પરવરદિગાર ! તારા જ માટે સર્વ પ્રકારની તારીફ છે, જેવી કે તારા ચહેરાના જલાલને અને તારી મહાન સલ્તનતને અનુરૂપ છે.] (ઇબ્ને માજહ–મુસ્નદે અહમદ)

[૨૩] બજારમાં કલિમ–એ–શહાદતની ફઝીલત

હઝરત અલી (રદિ.)થી રિવાયત છે, હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : બજારમાં જતી વખતે અને બજારમાં દાખલ થતી વખતે આ દુઆ પઢયા કરો :

بِسْمِ اللّٰهِ وَبِاللّٰهِ اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ ط

બિસ્મિલ્લાહિ વ બિલ્લાહિ, અશ્હદુ અલ્લા ઇલા–હ ઇલ્લલ્લાહુ વ અશ્હદુ અન્ન મુહમ્મદ ર્રસૂલુલ્લાહ.

[**અર્થ** : અલ્લાહના નામથી અને અલ્લાહની તવફીકથી

શરૂ કરું છું. હું ગવાહી આપું છું કે અલ્લાહના સિવાય કોઈ મા'બૂદ નથી અને હું ગવાહી આપું છું કે હઝરત મુહમ્મદ (સલ.) અલ્લાહના રસૂલ છે.]

ફઝીલત : (જ્યારે બંદો આ દુઆ પઢી લે છે તો) અલ્લાહ તઆલા ફરમાવે છે કે મારા આ બંદાએ મને એવા સમયે અને એવા સ્થળે યાદ કર્યો છે કે જેમાં બીજા લોકો ગાફિલ છે, (જેથી હે ફરિશ્તાઓ!) હું તમને ગવાહ બનાવું છું કે મેં આ માણસને બખ્શી દીધો છે.

(નુઝહહ : ૧/૧૧૯, સંદર્ભ : તરગીબુલ મુસ્લિમીન : ૨૧૪)

[૨૪] સાત હજાર વખત તસ્બીહ પઢવાથી પણ બેહતર દુઆ

હઝરત મુઆઝ (રદિ.)ની એક રિવાયતમાં છે કે ફજરની નમાઝ પછી હુઝૂરે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની મજલિસ શરીફમાં ઈલ્મી મુઝાકરહ (વાર્તાલાપ) થતો હતો. આપ (સલ.) સહાબએ કિરામ (રદિ.)ને તાલીમ ફરમાવ્યા કરતા હતા; પરંતુ હઝરત મુઆઝ (રદિ.) શરૂઆતમાં જમાઅતની સલામ ફેરવ્યા પછી ઘરે તશરીફ લઈ જતા હતા. એક વખત ફરમાવ્યું : હે મુઆઝ ! સવારમાં અમારી મજલિસમાં તમે કેમ આવતા નથી ? હઝરત મુઆઝ (રદિ.)એ એવું કહીને મઅઝિરત ફરમાવી દીધી કે સવારમાં સાત હજાર વખત તસ્બીહ પઢવાનો મારો મા'મૂલ (નિત્યકર્મ) છે. જો હું કોઈક ઠેકાણે બેસી જાઉં છું તો પછી મારો આ મા'મૂલ પૂરો થવા પામતો નથી.

આપ (સલ.)એ ફરમાવ્યું : શું હું તમને એવી દુઆ ન બતાવી દઉં, જેને એકવાર પઢી લેવું સાત હજાર તસ્બીહ

પઢવાથી બેહતર હોય ? અરજ કરી : જરૂર ઈરશાદ ફરમાવો. ઈરશાદ ફરમાવ્યો :

લા ઇલા–હ ઇલ્લલ્લાહુ અ–દ–દ રિદાહૂ
લા ઇલા–હ ઇલ્લલ્લાહુ ઝિન–ત અર્શિહી
લા ઇલા–હ ઇલ્લલ્લાહુ અ–દ–દ ખલ્કિહી
લા ઇલા–હ ઇલ્લલ્લાહુ મિલ્અ સમાવાતિહી
લા ઇલા–હ ઇલ્લલ્લાહુ મિલ્અ અર્દિહી
લા ઇલા–હ ઇલ્લલ્લાહુ મિલ્અ મા બય્નહુમા
લા ઇલા–હ ઇલ્લલ્લાહુ મિષ્લ ઝાલિ–ક મ–અહૂ
વલ્લાહુ અકબરુ મિષ્લ ઝાલિ–ક મ–અહૂ
વલ્હમ્દુ લિલ્લાહિ મિષ્લ ઝાલિ–ક મ–અહૂ

لَآاِلٰهَ اِلَّااللّٰهُ عَدَدَ رِضَاهُ،
لَآاِلٰهَ اِلَّااللّٰهُ زِنَةَ عَرْشِهٖ،
لَآاِلٰهَ اِلَّااللّٰهُ عَدَدَ خَلْقِهٖ،
لَآاِلٰهَ اِلَّااللّٰهُ مِلْأَ سَمٰوَاتِهٖ،
لَآاِلٰهَ اِلَّااللّٰهُ مِلْأَ اَرْضِهٖ،
لَآاِلٰهَ اِلَّااللّٰهُ مِلْأَ مَابَيْنَهُمَا،
لَآاِلٰهَ اِلَّااللّٰهُ مِثْلَ ذٰلِكَ مَعَهٗ،
وَاللّٰهُ اَكْبَرُ مِثْلَ ذٰلِكَ مَعَهٗ،
وَالْحَمْدُ لِلّٰهِ مِثْلَ ذٰلِكَ مَعَهٗ-

[**અર્થ** : "લા ઈલા–હ ઈલ્લલ્લાહ" અલ્લાહની રઝાની સંખ્યા બરાબર. "લા ઈલા–હ ઈલ્લલ્લાહ" એના મહાન અર્શના વજન અનુસાર. "લા ઈલા–હ ઈલ્લલ્લાહ" એની સમગ્ર મખ્લૂકની સંખ્યા અનુસાર. "લા ઈલા–હ ઈલ્લલ્લાહ"

એના તમામ આકાશોના ભરાવા બરાબર. "લા ઈલા–હ ઈલ્લલ્લાહ" એની જમીનના ભરાવા અનુસાર. "લા ઈલા–હ ઈલ્લલ્લાહ" તમામ આકાશો અને જમીનના દરમિયાનની સમગ્ર મખ્લૂકના ભરાવા બરાબર. "લા ઈલા–હ ઈલ્લલ્લાહ" આ (મજકૂર કલિમાત) સાથે એ જ પ્રમાણે (જે પ્રમાણે ઉપર છે) અને "અલ્લાહુ અકબર" આ (મજકૂર કલિમાત) સાથે એ જ પ્રમાણે (જે પ્રમાણે ઉપર છે) અને "અલ્હમ્દુ લિલ્લાહ" આ (ઉક્ત કલિમાત) સાથે એ જ પ્રમાણે (જે પ્રમાણે ઉપર વર્ણવાયા છે).]

એકવાર આ દુઆને પઢી લેવું સાત હજાર તસ્બીહ પઢવા બરાબર છે. (કન્ઝુલ ઉમ્માલ : ૧/૪૪૨)

[૨૫] રાત-દિવસ ઝિક્ર કરવાથી બેહતર

હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ હઝરત અબૂ દરદાઅ (રદિ.)ને ફરમાવ્યું કે હું તમને એક એવી ચીજ બતાવું છું, જે રાત–દિવસ ઝિક્ર કરવાથી બેહતર છે અને તે આ (પ્રમાણે) છે :

سُبْحَانَ اللّٰهِ عَدَدَ مَاخَلَقَ وَسُبْحَانَ اللّٰهِ مِلْأَ مَاخَلَقَ وَسُبْحَانَ
اللّٰهِ عَدَدَ كُلِّ شَيْءٍ وَّسُبْحَانَ اللّٰهِ مِلْأَ كُلِّ شَيْءٍ وَّسُبْحَانَ اللّٰهِ
عَدَدَ مَا اَحْصٰى كِتَابُهٗ وَسُبْحَانَ اللّٰهِ مِلْأَ مَا اَحْصٰى كِتَابُهٗ
وَالْحَمْدُ لِلّٰهِ عَدَدَ مَاخَلَقَ وَالْحَمْدُ لِلّٰهِ مِلْأَ مَاخَلَقَ وَالْحَمْدُ لِلّٰهِ
عَدَدَ كُلِّ شَيْءٍ وَّالْحَمْدُ لِلّٰهِ مِلْأَ كُلِّ شَيْءٍ وَّالْحَمْدُ لِلّٰهِ عَدَدَ مَا
اَحْصٰى كِتَابُهٗ وَالْحَمْدُ لِلّٰهِ مِلْأَ مَا اَحْصٰى كِتَابُهٗ ط

સુબ્હાનલ્લાહિ અ–દ–દ મા ખ–લ–ક, વ સુબ્હાનલ્લાહિ મિલ્અ મા ખ–લ–ક, વ સુબ્હાનલ્લાહિ અ–દ–દ કુલ્લિ શય્ઇંવ્, વ સુબ્હાનલ્લાહિ મિલ્અ કુલ્લિ શય્ઇંવ્, વ સુબ્હાનલ્લાહિ અ–દ–દ મા અહ્સા કિતાબુહૂ, વ સુબ્હાનલ્લાહિ મિલ્અ મા અહ્સા કિતાબુહૂ, વલ્હમ્દુ લિલ્લાહિ અ–દ–દ મા ખ–લ–ક, વલ્હમ્દુ લિલ્લાહિ મિલ્અ મા ખ–લ–ક, વલ્હમ્દુ લિલ્લાહિ અ–દ–દ કુલ્લિ શય્ઇંવ્, વલ્હમ્દુ લિલ્લાહિ મિલ્અ કુલ્લિ શય્ઇંવ્, વલ્હમ્દુ લિલ્લાહિ અ–દ–દ મા અહ્સા કિતાબુહૂ, વલ્હમ્દુ લિલ્લાહિ મિલ્અ મા અહ્સા કિતાબુહ્.

[**અર્થ** : અલ્લાહની તસ્બીહ (પવિત્રતાનું વર્ણન) છે તે ચીજોની સંખ્યા બરાબર, જે એણે પેદા ફરમાવી છે અને અલ્લાહની તસ્બીહ છે તે ચીજોના ભરાવા બરાબર, જે એણે પેદા ફરમાવી છે અને અલ્લાહની તસ્બીહ છે દરેક ચીજની સંખ્યા બરાબર અને અલ્લાહની તસ્બીહ છે દરેક ચીજના ભરાવા બરાબર અને અલ્લાહની તસ્બીહ છે દરેક ચીજની સંખ્યા બરાબર, જેને એની કિતાબે ગણી કે આવરી લીધી છે અને અલ્લાહની તસ્બીહ છે દરેક ચીજની સંખ્યા બરાબર અને અલ્લાહની તસ્બીહ છે દરેક ચીજના ભરાવા બરાબર, જેને એની કિતાબે ગણી કે આવરી લીધી છે અને અલ્લાહ માટે સઘળી તારીફ છે, તે ચીજોની સંખ્યા બરાબર, જે એણે પેદા ફરમાવી છે અને અલ્લાહ માટે સઘળી તારીફ છે, તે ચીજોના ભરાવા બરાબર, જે એણે પેદા ફરમાવી છે અને અલ્લાહ માટે દરેક પ્રકારની તારીફ છે, દરેક ચીજની સંખ્યા બરાબર અને અલ્લાહ માટે તમામ તારીફ છે, દરેક ચીજના ભરાવા બરાબર અને અલ્લાહ તઆલા માટે સઘળી તારીફ છે, દરેક તે ચીજના બરાબર, જેને એની કિતાબે આવરી લીધી છે અને અલ્લાહ

માટે સઘળી તારીફ છે, દરેક તે ચીજના ભરાવા બરાબર, જેને એની કિતાબે આવરી લીધી છે.]

(મુસ્નદે બઝઝાર, તબરાની કૃત મુઅજમે કબીર, સંદર્ભ : હિસ્ને હસીન : ૪૧૫)

[૨૬] દોઝખથી નજાત

ફરમાવ્યું : જે વ્યક્તિ મારા પર સો વાર દુરૂદ મોકલે છે તો અલ્લાહ તઆલા એની પેશાની પર **"બરાઅતુમ્ મિનન્ નિફાકિ વ બરાઅતુમ્ મિનન્નાર"** લખી આપે છે. અર્થાત્ આ વ્યક્તિ નિફાકથી પણ બરી (મુક્ત) છે અને દોઝખથી પણ બરી છે અને કિયામતના દિવસે શહીદોની સાથે એને ઉઠાવવામાં આવશે. (તબરાની)

[૨૭] છોકરા કે છોકરીની શાદીમાં ઉદ્‌ભવતી રુકાવટને દૂર કરવાનું દુરૂદ શરીફ :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિંવ્ વ અલા આલિ મુહમ્મદિન્ કમા સલ્લય્‌ત અલા ઇબ્રાહી–મ વ અલા આલિ ઇબ્રાહી–મ ઇન્ન–ક હમીદુમ્ મજીદ. અલ્લાહુમ્મ બારિક્ અલા મુહમ્મદિંવ્ વ અલા આલિ મુહમ્મદિન્ કમા બારક્‌ત અલા ઈબ્રાહી–મ વ અલા આલિ ઇબ્રાહી–મ ઈન્ન–ક હમીદુમ્ મજીદ.

[**અર્થ** : હે અલ્લાહ ! તું હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર અને હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની આલ–અવલાદ પર રહમત નાઝિલ ફરમાવ, જેમ કે તેં હઝરત ઈબ્રાહીમ (અલૈ.) પર અને હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની આલ–અવલાદ પર રહમત નાઝિલ ફરમાવી હતી. બેશક, તું તારીફને પાત્ર (અને) બુઝુર્ગીવાળો છે. હે અલ્લાહ ! તું હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર અને હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની આલ–અવલાદ પર બરકતો નાઝિલ ફરમાવ, જેમ કે તેં હઝરત ઈબ્રાહીમ (અલૈ.) પર અને હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની આલ–અવલાદ પર બરકતો નાઝિલ ફરમાવી હતી. બેશક, તું તારીફને લાયક અને મહત્તાવાળો છે.]

ફાયદો : જો કોઈ છોકરા કે છોકરીની શાદીમાં રુકાવટ ઊભી થાય અને સગાઈ નક્કી ન થતી હોય અથવા સદંતર કહેણ (રિશ્તો) આવતું જ ન હોય, તો છોકરો કે છોકરી અને એની વાલિદહ સવારે ફજરની નમાઝ પછી તથા સાંજે મગરિબની નમાઝ પછી પાંચ સો વખત દુરૂદે ઈબ્રાહીમી પઢીને દુઆ કરે, તો અલ્લાહ તઆલા બહુ જલદી નેક અને સારા રિશ્તાનો બંદોબસ્ત ફરમાવી દેશે અને રુકાવટ દૂર થઈ જશે. (ઝરીઅતુલ્ વુસૂલ.....૧)

[૨૮] મુસ્તકિલ મિઝાજી (સ્થિર–ચિત્તતા) પામવા અને સમયના વેડફાટથી બચવા માટેનું દુરૂદ શરીફ :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كُلَّمَا ذَكَرَهُ الذَّاكِرُوْنَ ط وَكُلَّمَا سَهٰى عَنْهُ الْغَافِلُوْنَ ط وَعَلٰٓى اٰلِ مُحَمَّدٍ وَّبَارِكْ وَسَلِّمْ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિંવ્ વ અલા આલિ મુહમ્મદિન્ કુલ્લમા ઝ–ક–રહુઝ્ ઝાકિરૂ–ન, વ કુલ્લમા સહા અન્હુલ્ ગાફિલૂ–ન, વ અલા આલિ મુહમ્મદિંવ્ વ બારિક્ વ સલ્લિમ.

[**અર્થ** : હે અલ્લાહ ! રહમત નાઝિલ ફરમાવ તું હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર અને હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની આલ–અવલાદ પર, જયારે જયારે પણ ઝિક્ર કરનારા આપ (સલ.)નો ઝિક્ર કરે અને જયારે જયારે પણ ગફલતવાળા આપ (સલ.)ને ભૂલી જાય તથા (આપ સલ. પર) બરકતો અને સલામ નાઝિલ ફરમાવ.]

ફાયદો : જે માણસ ફજરની નમાઝ પછી વઝીફારૂપે એક સો વખત આ દુરૂદ શરીફ પઢતો રહેશે, તો અલ્લાહ તઆલા એને દીની–દુન્યવી કામોમાં એકાગ્રતા અને મુસ્તકિલ મિઝાજી (સ્થિર–ચિત્તતા અને દઢ નિશ્ચય) અતા ફરમાવે છે.

તદુપરાંત, એની બરકતથી સમય વેડફવાથી બચી જવાય છે અને કામોમાં આસાની પેદા થઈ જાય છે.

(ઝરીઅતુલ્ વુસૂલ....૧૨૯)

[૨૯] આંખોની સઘળી તકલીફો દૂર કરવા અને આંખોની રોશની સતેજ કરવા માટેનું મુજર્રબ દુરૂદ શરીફ :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدِ ِالسَّابِقِ لِلْخَلْقِ
نُوْرُهٗ ط وَالرَّحْمَةِ لِلْعَالَمِيْنَ ظُهُوْرُهٗ ط عَدَدَ مَنْ
مَّضٰى مِنْ خَلْقِكَ وَمَنْ بَقِيَ ط وَمَنْ سَعِدَ مِنْهُمْ
وَمَنْ شَقِيَ ط صَلَاةً تَسْتَغْرِقُ الْعَدَّ وَتُحِيْطُ
بِالْحَدِّ ط صَلَاةً لَّاغَايَةَ لَهَا وَلَاانْتِهَاءَ ط وَلَا
أَمَدَلَهَا وَلَاانْقِضَاءَ ط صَلَوَاتِكَ الَّتِىْ صَلَّيْتَ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા સય્યિદિના મુહમ્મદિનિ સ્સાબિકિ લિલ્ ખલ્કિ નૂરુહૂ, વર્રહ્મતિ લિલ્ આલમી-ન ઝુહૂરુહૂ, અ-દ-દ મમ્ મઝા મિન્ ખલ્કિ-ક વ મમ્ બકિ-ય વ મન્ સ-ઇ-દ મિન્હુમ્ વ મન્ શકિ-ય, સલાતન્ તસ્તગ્રિકુલ્ અદ્દ વ તુહીતુ બિલ્હદ્દિ, સલાતલ્ લા ગાય-ત લહા વ લન્તિહા-અ, વલા અ-મ-દ લહા વલન્કિઝા-અ, સ-લ-વાતિ-ક લ્લતી સલ્લય્ત અલય્હિ, સલાતન્ દાઇ-મતમ્ બિ-દવામિ-ક, વ અલા આલિહી

વ સહ્‌બિહી કઝ્ઝાલિ-ક, વલ્હમ્દુ લિલ્લાહિ અલા ઝાલિક.

[**અર્થ** : હે અલ્લાહ ! અમારા આકા હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર રહમત નાઝિલ ફરમાવ, કે જેમનું નૂર સમગ્ર મખ્લૂકથી પહેલાં (મવજૂદ) હતું અને જેમનો ઝુહૂર (પ્રાગટ્ય) જગતવાસીઓ માટે રહમત છે, (આપ (સલ.) પર રહમત નાઝિલ ફરમાવ) તે લોકોની સંખ્યા અનુસાર, જે તારી મખ્લૂકમાંથી વફાત પામ્યા છે અને એમના પૈકી જે બાકી (હયાત) છે તથા એમના પૈકી જે નેકબખ્ત છે તથા જે બદબખ્ત છે; એવી રહમત (નાઝિલ ફરમાવ) કે જે ગણતરીને ખતમ કરી દે અને જે (અંતિમ) હદને આવરી લે; એવી રહમત (નાઝિલ ફરમાવ) કે જેની કોઈ અંતિમ હદ ન હોય- જે અંતહીન હોય, અને જેની કોઈ ચરમસીમા ન હોય અને જે કદી ખતમ ન થાય. તું હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર પોતાની એવી રહમતો નાઝિલ ફરમાવ કે જે એવી કાયમી હોય કે તારા હંમેશા હોવાંપણાની સાથે હંમેશા રહે તથા આપ (સલ.)ની આલ-અવલાદ અને આપ (સલ.)ના અસ્હાબ ઉપર પણ એ જ પ્રમાણે હંમેશા રહે એવી (રહમતો નાઝિલ ફરમાવ), અને આ વાત પર તમામ પ્રકારની તારીફ અલ્લાહ તઆલા માટે છે.]

ફાયદો : જો કોઈ માણસ દરેક નમાઝ પછી ત્રણવાર ઉપર્યુક્ત દુરૂદ શરીફ પઢીને આંગળીઓ પર દમ કરે અને આંખો પર ફેરવી લે, તો અલ્લાહ તઆલા આંખની એવી તકલીફ પણ દૂર ફરમાવી દે છે, જેનાથી ડૉક્ટરો લાચાર થઈ ગયા હોય. ઉપરાંત, આંખની દૃષ્ટિ પણ સતેજ અને પ્રકાશિત થઈ જાય છે. મુજર્રબ-અનુભવસિદ્ધ અમલ છે.

(ઝરીઅતુલ્ વુસૂલ....૧૪૦)

[૩૦] દરેક પ્રકારના દર્દ અને અસાધ્ય રોગ (ડાયાબિટીસ-કેન્સર)ના નિવારણ માટેનું દુરૂદ શરીફ :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ بِعَدَدِ كُلِّ دَاءٍ وَّدَوَاءٍ وَّبَارِكْ وَسَلِّمْ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિમ્ બિઅ-દદિ કુલ્લિ દાઇંવ્ વ દવાઇંવ્ વ બારિક્ વ સલ્લિમ.

[**અર્થ** : હે અલ્લાહ ! દરેક બીમારી અને દવાની સંખ્યાના પ્રમાણમાં રહમત નાઝિલ ફરમાવ હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર તથા (આપ સલ. પર) બરકતો અને સલામ નાઝિલ ફરમાવ.]

ફાયદો : કોઈ પણ પ્રકારના દર્દ અને બીમારીના નિવારણ માટે બીમાર પર આ દુરૂદ શરીફ પઢીને દમ કરે. એને પઢવાની પદ્ધતિ આ પ્રમાણે છે : આરંભ અને અંતમાં આ દુરૂદ શરીફ ત્રણવાર પઢે અને દરમિયાનમાં સાત વાર સૂરએ ફાતિહા બિસ્મિલ્લાહ...સહિત અને ત્રણવાર સૂરએ ઈખ્લાસ પઢીને બીમાર પર દમ કરી દે, તો તરત શિફા નસીબ થશે, ઈન્શાઅલ્લાહુલ્ અઝીઝ. તદુપરાંત, જો બીમારને અસાધ્ય રોગ લાગુ પડયો હોય અથવા બીમારી સખત હોય, તો આ દુરૂદ શરીફ આરંભ અને અંતમાં એક સો વાર પઢે. ડાયાબિટીસ અને કેન્સર જેવા જીવલેણ રોગ માટે બહુ અકસીર છે. (ઝરીઅતુલ્ વુસૂલ....૧૪૪)

[૩૧] અવલાદની કામિયાબી અને ઈઝઝત પ્રાપ્ત કરવા માટેનું બેહતરીન દુરૂદ શરીફ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِالْعَالَمِيْنَ
حَبِيْبِكَ مُحَمَّدٍ وَّاٰلِهٖ صَلَاةً اَنْتَ
لَهَا اَهْلٌ وَّبَارِكْ وَسَلِّمْ كَذٰلِكَ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા સય્યિદિલ્ આલમી–ન હબીબિ–ક મુહમ્મદિંવ્ વ આલિહી, સલાતન્ અન્ત લહા અહ્લુંવ્ વ બારિક્ વ સલ્લિમ્ કઝાલિક.

[**અર્થ** : હે અલ્લાહ ! તું રહમત નાઝિલ ફરમાવ તમામ જગતોના સરદાર, પોતાના હબીબ હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર અને આપ (સલ.)ની આલ–અવલાદ પર, એવી રહમત જે તારી ઉચ્ચ શાનને અનુરૂપ અને ઉચિત હોય અને એવી જ રીતે બરકત તથા સલામ (પણ) નાઝિલ ફરમાવ.]

ફાયદો : જો કોઈ માણસ ફજર અને મગરિબની નમાઝ પછી ઈકોતેર વખત અને બીજી નમાઝો પછી સાત વખત આ દુરૂદ શરીફ પાબંદીથી પઢયા કરશે, તો અલ્લાહ તઆલા એને તથા એની અવલાદને સમાજમાં ઉચ્ચ, મોભાદાર અને ઈઝઝતમય સ્થાન અર્પણ કરશે તથા એમને લોકપ્રિયતા નસીબ થશે. (ઝરીઅતુલ્ વુસૂલ....૧૫૧)

[૩૨] ઘર અને સફરમાં ચોર–ડાકુઓથી હિફાઝત પામવાનું મુજર્રબ દુરૂદ શરીફ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدِنِ النَّبِيِّ كَمَا اَمَرْتَنَا
اَنْ نُّصَلِّيَ عَلَيْهِ ط وَصَلِّ عَلٰى مُحَمَّدِنِ النَّبِيِّ
كَمَا يَنْبَغِيْ اَنْ يُّصَلّٰى عَلَيْهِ ط وَصَلِّ عَلٰى
مُحَمَّدِنِ النَّبِيِّ بِعَدَدِ مَنْ صَلّٰى عَلَيْهِ ط وَصَلِّ
عَلٰى مُحَمَّدِنِ النَّبِيِّ بِعَدَدِ مَنْ لَّمْ يُصَلِّ عَلَيْهِ ط
وَصَلِّ عَلٰى مُحَمَّدِنِ النَّبِيِّ كَمَا تُحِبُّ وَتَرْضٰى
اَنْ يُّصَلّٰى عَلَيْهِ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિનિન્ નબિય્યિ કમા અમર્તના અન્નુસલ્લિ–ય અલય્હિ, વ સલ્લિ અલા મુહમ્મદિનિન્ નબિય્યિ કમા યમ્બગી અંય્યુસલ્લા અલય્હિ, વ સલ્લિ અલા મુહમ્મદિનિન્ નબિય્યિ બિઅ–દદિ મન્ સલ્લા અલય્હિ, વ સલ્લિ અલા મુહમ્મદિનિન્ નબિય્યિ બિઅ–દદિ મલ્લમ્ યુસલ્લિ અલય્હિ, વ સલ્લિ અલા મુહમ્મદિનિન્ નબિય્યિ કમા તુહિબ્બુ વ તર્દા અંય્યુસલ્લા અલય્હિ.

[**અર્થ** : હે અલ્લાહ ! તું રહમત નાઝિલ ફરમાવ હઝરત મુહમ્મદ નબી (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર,

જેમ કે તેં અમને હુકમ ફરમાવ્યો છે કે અમે આપ (સલ.) પર સલાત મોકલીએ અને રહમત નાઝિલ ફરમાવ તું મુહમ્મદ નબી (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર, જેવી રીતે આપ (સલ.) પર રહમત મોકલવાનું મુનાસિબ હોય અને રહમત નાઝિલ ફરમાવ તું હઝરત મુહમ્મદ નબી (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર, તે લોકોની સંખ્યા અનુસાર, જેઓ આપ (સલ.) પર દુરૂદ મોકલે છે અને રહમત નાઝિલ ફરમાવ તું હઝરત મુહમ્મદ નબી (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર, તે લોકોની સંખ્યાના પ્રમાણમાં, જેઓ આપ (સલ.)ને દુરૂદ મોકલતા નથી અને રહમત નાઝિલ ફરમાવ તું હઝરત મુહમ્મદ નબી (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર, જેવી રીતે કે તું આપ (સલ.) પર દુરૂદ મોકલવાનું પસંદ કરે છે અને (જેવી રીતે કે તું) દુરૂદ મોકલવા ચાહે છે.]

ફાયદો : જો કોઈ માણસ ઘરેથી નીકળવા પહેલાં અથવા કોઈ મુસાફિર પોતાના સફરમાં ૧૧ (અગિયાર) વખત આ દુરૂદ શરીફ પઢીને પોતાનાં બદન અને માલ-સામાન પર દમ કરી લેશે, તો દરેક પ્રકારની ચોરી, લૂંટફાટ, મારધાડ અને ડાકાટીથી અલ્લાહ તઆલા હિફાઝત ફરમાવશે તથા ઝાલિમ, ડાકુ અને લૂંટારો એની તરફ નિગાહ પણ ઉઠાવી શકશે નહિ. તદુપરાંત, રાતે સૂતા પહેલાં મકાનની ચારે તરફ આ દુરૂદ શરીફને દસ વાર પઢીને ફૂંકી દેશે, તો ઈન્શા અલ્લાહ એ મકાન ચોરી, લૂંટફાટ અને ડાકાટીથી મહફૂઝ રહેશે અને કોઈ બદનિય્યત એની તરફ મુખ પણ કરશે નહિ. મુજર્રબ (અનુભવસિદ્ધ) અમલ છે.

(ઝરીઅતુલ્ વુસૂલ....૧૫૮)

[૩૩] કારોબારમાં તરક્કી અને માલદારી પ્રાપ્ત કરવા માટેનું દુર્લભ દુરૂદ શરીફ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ عَبْدِكَ وَرَسُوْلِكَ
وَصَلِّ عَلَى الْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنَاتِ
وَالْمُسْلِمِيْنَ وَالْمُسْلِمَاتِ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિન્ અબ્દિ-ક વ રસૂલિ-ક, વ સલ્લિ અલલ્ મુઅ્મિની-ન વલ્ મુઅ્મિનાતિ વલ્ મુસ્લિમી-ન વલ્ મુસ્લિમાત.

[**અર્થ** : હે અલ્લાહ ! પોતાના બંદા અને રસૂલ હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર રહમત નાઝિલ ફરમાવ તથા મુઅમિન પુરુષો અને મુઅમિન સ્ત્રીઓ પર તથા મુસ્લિમ પુરુષો અને મુસ્લિમ સ્ત્રીઓ ઉપર (પણ) રહમત નાઝિલ ફરમાવ.]

ફાયદો : જો કોઈ માણસ પોતાના કારોબારમાં તરક્કી તથા માલ–દોલતમાં વિપુલતા ચાહતો હોય તો પાબંદીથી ફુરસદના સમયે ત્રણ સો તેર વખત આ દુરૂદ શરીફ પઢીને દુઆ કરે, તો ઈન્શા અલ્લાહ બહુ જલદી માલી ખૂશહાલી (સમૃદ્ધિ) નસીબ થશે અને કારોબારમાં તરક્કી પ્રાપ્ત થશે.

(ઝરીઅતુલ્ વુસૂલ....૧૫૭)

[૩૪] ઝાલિમ શવહરના ઝુલ્મથી નજાત અને તંગદસ્તીથી હિફાઝત પામવા માટેનું મુજર્રબ દુરૂદ શરીફ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ صَاحِبِ الْفَرْقِ وَالْفُرْقَانِ وَجَامِعِ الْوَرَقِ وَمُنْزِلِهٖ مِنْ سَمَآءِ الْقُرْاٰنِ وَعَلٰٓى اٰلِ مُحَمَّدٍ وَّسَلِّمْ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા સય્યિદિના મુહમ્મદિન્ સાહિબિલ્ ફર્કિ વલ્ ફુરકાનિ વ જામિઇલ્ વ–ર–કિ વ મન્ઝિલિહી મિન્ સમાઇલ્ કુર્આનિ વ અલા આલિ મુહમ્મદિંવ્ વ સલ્લિમ્.

[**અર્થ** : હે અલ્લાહ ! રહમત નાઝિલ ફરમાવ તું અમારા સરદાર હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર, જે ખરા અને ખોટાના દરમિયાન ફર્ક કરનાર તથા સત્ય અને અસત્યના દરમિયાન ફેંસલો કરનાર છે. પવિત્ર ગ્રંથ (કુર્આને મજીદ)નાં પૃષ્ઠોને એકત્ર કરનાર અને એને કુર્આનના આસમાનેથી ઉતારનાર છે, અને રહમત નાઝિલ ફરમાવ તું હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની આલ–અવલાદ ઉપર પણ અને આપના પર સલામ (પણ) નાઝિલ ફરમાવ.]

ફાયદો : જો શવહર મારઝૂડ અને અત્યાચાર કરતો હોય અથવા કોઈ માણસ તંગદસ્તી, નાદારી અને મોહતાજીનો શિકાર હોય, તો તે માણસ ફજરની નમાઝ પછી અથવા મગરિબ કે ઈશાની નમાઝ પછી ઈકોતેર વખત આ દુરૂદ શરીફ પઢીને દુઆ કરે, તો અલ્લાહ તઆલા પતિને પત્ની પ્રત્યે

મહેરબાન કરી દેશે અને મોહતાજી તથા તંગદસ્તીથી મહફૂઝ રાખશે. (ઝરીઅતુલ્ વુસૂલ....૧૭૯)

[૩૫] લોકપ્રિયતા અને દિલો પર અંકુશ મેળવવા માટેનું મુજર્રબ દુરૂદ શરીફ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ صَلَاةً مَّقْرُوْنَةً بِذِكْرِهٖ ط اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ صَلَاةً جَامِعَةً بَيْنَ فَرَحِهٖ وَسُرُوْرِهٖ ط اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ صَلَاةً مُّحِيْطَةً بِطُوْرِهٖ وَصَوْرِهٖ ط اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ صَلٰوةً مُّنَوِّرَةً لِّقُلُوْبِ اَصْحَابِ صُدُوْرِهٖ ط اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ صَلَاةً شَارِحَةً لِّمَنْقُوْحِهٖ فِيْ مَسْطُوْرِهٖ ط وَصَلِّ عَلٰى جَمِيْعِ اِخْوَانِهٖ مِنَ الْاَنْبِيَاءِ وَالْاَوْلِيَاءِ بِعَدَدِ عُبُوْرِهٖ وَمُرُوْرِهٖ بَيْنَ الْمَاءِ وَطُهُوْرِهٖ ط وَالنُّوْرِ وَظُهُوْرِهٖ ط وَالْحَقِّ وَاُمُوْرِهٖ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિન્ સલાતમ્ મક્રૂનતમ્ બિ–ઝિક્રિહી, અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિન્ સલાતન્ જામિઅતમ્ બય્‌ન ફ–ર–હિહી વ સુરૂરિહી. અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિન્ સલાતમ્ મુહી–ત–તમ્ બિ–તવ્રિહી વ સવ્રિહી. અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિન્ સલાતમ્ મુનવ્વિ–રતલ્ લિ–કુલૂબિ અસ્હાબિ સુદૂરિહી. અલ્લાહુમ્મ

સલ્લિ અલા મુહમ્મદિન્ સલાતન્ શારિ–હતલ્ લિ–મન્કૂહિહી ફી મસ્તૂરિહી. વ સલ્લિ અલા જમીઇ ઇખ્વાનિહી મિનલ્ અમ્બિયાઇ વલ્ અવ્લિયાઇ બિ–અ–દદિ ઉબૂરિહી વ મુરૂરિહી બયનલ્ માઇ વ તહૂરિહી, વન્નૂરિ વ ઝુહૂરિહી, વલ્ હક્કિ વ ઉમૂરિહી.

[**અર્થ** : હે અલ્લાહ ! દુરૂદ (રહમત) મોકલ તું હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર, એવું દુરૂદ શરીફ જે આપ (સલ.)ના ઝિક્રની સાથે સમ્મિલિત હોય. હે અલ્લાહ ! દુરૂદ મોકલ તું હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર, એવું દુરૂદ શરીફ જે આપ (સલ.)ની ખૂશી અને આનંદને સમાવી લેતું હોય. હે અલ્લાહ ! દુરૂદ નાઝિલ ફરમાવ તું હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર, એવું દુરૂદ શરીફ જે આપ (સલ.)ના તમામ હાલાત અને આદતો–ખસલતોને આવરી લેતું હોય. હે અલ્લાહ ! દુરૂદ નાઝિલ ફરમાવ તું હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર, એવું દુરૂદ શરીફ જે સાંભળનારાઓનાં દિલોને નૂરવંત કરી દે. હે અલ્લાહ ! દુરૂદ નાઝિલ ફરમાવ તું હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર, એવું દુરૂદ શરીફ જે આપ (સલ.)ના નૂરાની ચહેરાના આલેખનમાં આપ (સલ.)ના બાતિની કમાલાતનું વિવરણકર્તા હોય અને રહમત નાઝિલ ફરમાવ તું આપ (સલ.)ના તમામ ભાઈઓ અર્થાત્ સઘળા અમ્બિયાએ કિરામ (અલૈ.) અને અવલિયાએ ઈઝામ (રહ.) પર, એવા લોકોની સંખ્યા અનુસાર, જે પાણી અને એની તહારત દરમિયાન, નૂર અને એના ઝુહૂર (પ્રાગટ્ય) દરમિયાન, હક અને એની સંલગ્ન બાબતો દરમિયાન આપ (સલ.)ને પાર કરનાર અને ગુઝરનાર હોય.

ફાયદો : આ દુરૂદ શરીફમાં વશ કરવાની અજીબ શક્તિ છે. જો કોઇ વ્યક્તિ દરેક નમાઝ પછી ત્રણવાર આ દુરૂદ શરીફ પઢવાનો મા'મૂલ બનાવી લેશે, તો અલ્લાહ તઆલા એને લોકોમાં અજીબ મકબૂલિયત અને સત્તાધારીઓની નિગાહમાં મહબૂબિયત અર્પણ કરશે. તદુપરાંત, જો કોઇ વ્યક્તિ અગિયાર વખત આ દુરૂદ શરીફને ગુલાબના અત્તર પર દમ કરી ચહેરા પર મસળીને સત્તાધીશ કે ઇચ્છિત વ્યક્તિને મળે તો તે વ્યક્તિ કોઇપણ પ્રકારની આનાકાની અને દલીલબાજી વગર એનું કામ કરી આપશે. ઇન્ટરવ્યૂમાં કામિયાબી માટે બહુ અસરકારક છે. (ઝરીઅતુલ્ વુસૂલ....૧૮૧)

[૩૬] દિલની ગભરામણ અને બ્લડ પ્રેશર માટે બા–બરકત દુરૂદ શરીફ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدِ إِلنَّبِيِّ الْاُمِّيِّ الطَّاهِرِ الزَّكِيِّ
صَلَاةً تُحَلُّ بِهِ الْعُقَدُ وَتُفَكُّ بِهَا الْكُرَبُ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિનિન્નબિય્યિલ્ ઉમ્મિય્યિ ત્તાહિરિ ઝ્ઝકિય્યિ સલાતન્ તુહલ્લુ બિહિલ્ ઉ–ક–દુ વ તુફક્કુ બિહલ કુરબ.

[**અર્થ** : હે અલ્લાહ ! તું રહમત નાઝિલ ફરમાવ હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર, જે નબી ઉમ્મી, પવિત્ર અને મુકદ્દસ છે, એવી રહમત (નાઝિલ ફરમાવ) કે એની બરકતથી ગ્રંથિઓ ઉકલી જાય અને પરેશાનીઓ દૂર થઇ જાય.]

ફાયદો : જે માણસનું દિલ વારંવાર મૂંઝવણ અને ગભરામણ

અનુભવતું હોય અને જે વ્યક્તિ પર અજાણ્યો કે અગોચર ખૌફ છવાયેલો રહેતો હોય યા જે માણસ બ્લડ પ્રેશરનો મરીઝ (રોગિષ્ટ) હોય, તો ઉપરોક્ત દુરૂદ શરીફ દરરોજ ફજર અને મગરિબની નમાઝ પછી ૩૧૩ (ત્રણ સો તેર) વખત પઢીને છાતી પર ફૂંક મારે અને અડધા કપ પાણી પર દમ કરીને પછી એ પાણી પીતો રહે, તો ઈન્શાઅલ્લાહ બહુ જલદી પીડામાં રાહત અને તંદુરસ્તી નસીબ થશે તથા દિલી ઈત્મીનાન નસીબ થશે. આ દુરૂદ શરીફ દિલના રોગમાં અત્યંત અકસીર છે.

(ઝરીઅતુલ્ વુસૂલ ઈલા જનાબિર્રસૂલ : ૯૮)

[૩૭] ફળ–ફૂલ, મોસમી પાક અને અનાજને જીવજંતુઓ તથા ખેતીલક્ષી બીમારીઓથી બચાવવાનું ઉમદા દુરૂદ શરીફ

اَللّٰھُمَّ صَلِّ عَلٰی مُحَمَّدٍ بِعَدَدِ اَوْرَاقِ الْاَشْجَارِ
وَبِعَدَدِ اَقْطَارِ الْاَمْطَارِ وَبِعَدَدِ دَوَابِّ الْبَرَارِیْ
وَالْبِحَارِ وَعَلٰۤی اٰلِهٖ وَصَحْبِهٖ وَسَلِّمْ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિમ્ બિ–અ–દદિ અવ્રાકિલ્ અશ્જારિ, વ બિ–અ–દદિ અક્તારિલ્ અમ્તારિ, વ બિ–અ–દદિ દવાબ્બિલ્ બરારિ, વલ્ બિહારિ, વ અલા આલિહી, વ સહ્બિહી, વ સલ્લિમ્.

[**અર્થ** : હે અલ્લાહ ! સલાતો–સલામ (રહમત) નાઝિલ

ફરમાવ હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર, વૃક્ષોનાં પાદડાંની સંખ્યાના પ્રમાણમાં અને વરસાદના છાંટાઓના પ્રમાણમાં અને જળ તથા સ્થળ (જમીન)ના પ્રાણીઓના પ્રમાણમાં અને (હે અલ્લાહ ! રહમત તથા સલામતી નાઝિલ ફરમાવ) આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની આલ– અવલાદ તથા આપના સહાબા (રદિ.) પર.]

ફાયદો : જો ખેતીનું વાવેતર કરવા પહેલાં ૧૪૧૪ (ચૌદ સો ચૌદ) વખત આ દુરૂદ શરીફ પઢી, પાણી પર દમ કરીને ખેતરમાં છાંટવામાં આવશે, તો ખેતીનો પાક ખેતીલક્ષી બીમારીઓથી ઈન્શાઅલ્લાહ મહફૂઝ રહેશે. ઉપરાંત, દરેક નમાઝ પછી ખેડૂત આ દુરૂદ શરીફને ૨૧ વાર પઢીને દુઆ કરતો રહેશે, તો ફસલમાં ખૂબ બરકત અને તરક્કી થશે.

(ઝરીઅતુલ્ વુસૂલ....૧૨૧)

[૩૮] પતિ–પત્નીમાં મિસાલી મુહબ્બત અને ઉલફત પેદા કરવા માટે અજીબ–પવિત્ર દુરૂદ શરીફ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ مُّعَطِّرِ الرُّوْحِ وَاٰلِهِ الطَّيِّبِيْنَ الطَّاهِرِيْنَ صَلَاةً تُعَطِّرُنَا بِهَا وَبَارِكْ وَسَلِّمْ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિમ્ મુઅત્તિરિર્રૂહિ, વ આલિહિ ત્તય્યિબી–ન ત્તાહિરી–ન, સલાતન્ તુઅત્તિરુના બિહા વ બારિક્ વ સલ્લિમ્.

[**અર્થ** : હે અલ્લાહ ! તું રહમત નાઝિલ ફરમાવ હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર, જે રૂહને મુઅત્તર-(સુગંધિત) કરનાર છે અને આપ (સલ.)ની પવિત્ર આલ–અવલાદ પર, એવી રહમત કે જેના વડે તું અમને મુઅત્તર ફરમાવી દે અને (આપ સલ. પર) બરકત તથા સલામ નાઝિલ ફરમાવ.]

ફાયદો : પતિ–પત્નીમાં બેમિસાલ ઉલફત અને મુહબ્બત પેદા કરવા ચાહતા હોય અથવા બન્નેમાંથી કોઇ એક નારાજ હોય અને એને રાજી કરવાનો ઈરાદો હોય તો ફૂલો કે મુશ્ક– અંબરની ખૂશ્બૂ પર અથવા કોઇ પણ પ્રકારની ખૂશ્બૂ પર આ દુરૂદ શરીફ ૪૫૦ વાર, ૪૧ દિવસ સુધી દમ કરીને બન્ને પતિ–પત્ની સૂંઘશે તો ઈન્શાઅલ્લાહ બન્ને એક–બીજાને ખૂબ ચાહવા માંડશે. આ અમલ મુજર્રબ (અનુભવસિદ્ધ) છે. જો ઈચ્છિત વ્યક્તિ દૂર હોય તો ખાંડ પર દમ કરીને કીડીઓને નાખી દો, તો ઈન્શાઅલ્લાહ પતિ–પત્નીનાં દિલ એક–બીજા તરફ આકર્ષાવા માંડશે. (ઝરીઅતુલ્ વુસૂલ....૧૪૫)

[૩૯] પોતાનું મકાન બનાવવા માટે મુજર્રબ દુરૂદ શરીફ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدِ النَّبِيِّ الْاُمِّيِّ
وَاٰلِهٖ وَسَلِّمْ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિનિન્નબિય્યિલ્ ઉમ્મિય્યિ વ આલિહી વ સલ્લિમ.

[**અર્થ** : હે અલ્લાહ ! તું નબીએ ઉમ્મી હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર અને આપ (સલ.)ની આલ–અવલાદ પર રહમત નાઝિલ ફરમાવ તથા (એ સૌના પર) સલામતી નાઝિલ ફરમાવ.]

ફાયદો : જે માણસ પોતાનું ઘર બનાવવા યા પ્રાપ્ત કરવા ચાહતો હોય તો ઉપરોક્ત દુરૂદ શરીફ જુમ્અહના દિવસે અસરની નમાઝ પછી એક હજાર (૧૦૦૦) વાર પઢીને દુઆ કરશે તો અલ્લાહ તઆલા માત્ર પોતાના ફઝલો–કરમથી એના (આગવા) ઘરનો ઈન્તિઝામ ફરમાવી આપશે અને રહેઠાણના સિલસિલામાં તે કદાપિ પરેશાન થશે નહિ, ઈન્શાઅલ્લાહ. (ઝરીઅતુલ્ વુસૂલ ઈલા જનાબિર્રસૂલ....૧૪૮)

[૪૦] દરેક પરીક્ષામાં કામિયાબી માટે મુજર્રબ દુરૂદ શરીફ

رَبِّ صَلِّ عَلٰى نَبِيِّ مُحَمَّدٍ وَّاٰلِهٖ أَجَلَّهَا ط وَاقْضِ لِيْ
بِجَاهِهٖ حَوَائِجِيْ كُلَّهَا ط وَصَلِّ عَلَيْهِ كَمَا أَنْتَ اَهْلُهَا ط
وَسَلِّمْ وَشَرِّفْ وَكَرِّمْ دَائِمًا ط

રબ્બિ સલ્લિ અલા નબિય્યિ મુહમ્મદિંવ્ વ આલિહી અજલ્લહા, વક્દિ લી બિ–જાહિહી હવાઈજી કુલ્લહા, વ સલ્લિ અલય્હિ કમા અન્ત અહ્લુહા, વ સલ્લિમ્ વ શર્રિફ્ વ કર્રિમ્ દાઇમા.

[**અર્થ** : હે અલ્લાહ ! તું રહમત નાઝિલ ફરમાવ મારા

નબી હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર અને આપ (સલ.)ની આલ–અવલાદ પર, એવી રહમત કે જે સૌથી વધુ જલીલુલ કદ્ર હોય; અને આપ (સલ.)ના તુફૈલ મારી તમામ હાજતો પૂરી ફરમાવ; અને રહમત નાઝિલ ફરમાવ આપ (સલ.) પર, એવી (રહમત) કે જે આપ (સલ.)ની ઉચ્ચ શાનને પાત્ર હોય; અને આપ (સલ.) પર સલામ મોકલ તથા આપને મહાનતા અને કરામત અતા ફરમાવ, હંમેશા હંમેશ.]

ફાયદો : કોઇ પણ પ્રકારની પરીક્ષામાં કામિયાબી માટે આ દુરૂદ શરીફને અજીબ તાસીર પ્રાપ્ત છે. જો તાલિબે ઇલ્મ કે વિદ્યાર્થી દરેક નમાઝ પછી ૧૧ (અગિયાર) વખત પઢીને પરીક્ષામાં કામિયાબી માટે દુઆ કરતો રહેશે, તો અલ્લાહ તઆલા સુંદર કામિયાબી અર્પણ કરશે. વિશેષ રૂપે મૌખિક પરીક્ષા પહેલાં ૧૧ (અગિયાર) વખત છાતી પર દમ કરવાથી જવાબો આસાન થઇ જાય છે અને કોઇ પણ પ્રકારની ગભરાહટ થતી નથી. (ઝરીઅતુલ્ વુસૂલ....૧૫૨)

[૪૧] બેરોજગારીથી છૂટકારો મેળવવા અને હલાલ રોઝગાર પ્રાપ્ત કરવા માટેનું અત્યંત અસરકારક દુરૂદ શરીફ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ وَهَبْ
لَنَا، اَللّٰهُمَّ مِنْ رِّزْقِكَ الْحَلَالَ الطَّيِّبَ الْمُبَارَكَ
مَاتَصُوْنُ بِهٖ وُجُوْهَنَا عَنِ التَّعَرُّضِ اِلٰى اَحَدٍ مِّنْ
خَلْقِكَ وَاجْعَلْ لَّنَا، اَللّٰهُمَّ اِلَيْهِ طَرِيْقًا

سَهْلًا مِّنْ غَيْرِ تَعَبٍ وَّلَا نَصَبٍ وَّلَا مِنَّةٍ وَّلَا تَبِعَةٍ وَّجَنِّبْنَا، اَللّٰهُمَّ الْحَرَامَ حَيْثُ كَانَ وَاَيْنَ كَانَ وَعِنْدَ مَنْ كَانَ وَحُلْ بَيْنَنَا وَبَيْنَ اَهْلِهٖ ط وَاقْبِضْ عَنَّا اَيْدِيَهُمْ وَاصْرِفْ عَنَّا قُلُوْبَهُمْ ط حَتّٰى لَا نَتَقَلَّبَ اِلَّا فِيْمَا يُرْضِيْكَ ط وَلَا نَسْتَعِيْنُ بِنِعْمَتِكَ اِلَّا عَلٰى مَا تُحِبُّ بِرَحْمَتِكَ يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ!

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિંવ્ વ અલા આલિ મુહમ્મદ. વ હબ્ લના અલ્લાહુમ્મ મિર્રિઝ્કિકલ્ હલાલિ ત્તય્યિબિલ્ મુબા–રકિ મા તસૂનુ બિહી વુજૂ–હના અનિત્તઅર્રુદિ ઈલા અ–હદિમ્ મિન્ ખલ્કિ–ક, વજ્અલ્ લના અલ્લાહુમ્મ ઈલય્હિ તરીકન્ સહ્લમ્ મિન ગય્રિ ત–અબિંવ્ વલા ન–સબિંવ્ વલા મિન્નતિંવ્ વલા તબિઅહ. વ જન્નિબ્નલ્લાહુમ્મલ્ હરા–મ હય્ષુ કા–ન વ અય્ન કા–ન વ ઈન્દ મન કા–ન, વ હુલ્ બય્નના વ બય્ન અહ્લિહી, વક્બિદ્ અન્ના અય્દિ–યહુમ્ વસ્રિફ્ અન્ના કુલૂ–બહુમ્ હત્તા લા ન–તકલ્લ–બ ઈલ્લા ફીમા યુર્દી–ક, વલા નસ્તઈનુ બિ–નિઅ્મતિ–ક ઈલ્લા અલા મા તુહિબ્બુ બિ–રહ્મતિ–ક યા અર્હમર્રાહિમીન.

[**અર્થ** : હે અલ્લાહ ! રહમત નાઝિલ ફરમાવ તું હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર અને હઝરત મુહમ્મદ (સલ.)ની આલ–અવલાદ પર; અને હે અલ્લાહ ! તું પોતાના હલાલ, પવિત્ર અને મુબારક રિઝ્કમાંથી અમને એટલા પ્રમાણમાં (રોઝી) અતા ફરમાવ કે જેના વડે તું

અમારા ચહેરાઓને તારી મખ્લૂકમાંથી કોઈની સામે પોતાની હાજત પેશ કરવાથી બચાવી લે; અને હે અલ્લાહ ! તું અમારા માટે એવો આસાન માર્ગ કાઢી આપ, જે કષ્ટ અને પરિશ્રમ વગરનો હોય અને જે એહસાનમંદી અને વળતરના બોજથી મુક્ત હોય; અને હે અલ્લાહ ! તું અમને હરામથી બચાવી લે, ચાહે તે ગમે ત્યાં પેણ હોય અને તેની પાસે પણ હોય; અને તું અમારા દરમિયાન તથા હરામવાળાઓના દરમિયાન આડવાડ ઊભી કરી દે; અને અમારાથી એમના હાથને બંધ કરી દે–અટકાવી દે અને અમારાથી એમનાં દિલોને ફેરવી દે, અહિંયા સુધી કે અમે કોઇ હરકત અને કૃત્ય કરીએ નહિ; પરંતુ એવી ચીજમાં જે તને રાજી કરી દે અને અમે તારી નેઅમત દ્વારા મદદ લઈએ નહિ; પરંતુ એવી ચીજ પર, જે તને મહબૂબ હોય. હે સૌથી વધુ રહમ કરનાર ઝાત ! તું પોતાની રહમતથી આવું જ કર.]

ફાયદો : જો કોઈ માણસ આર્થિક સંકડામણ–તંગદસ્તી, બેરોજગારી અને ભૂખમરાનો શિકાર હોય અને કોઇ પણ રીતે એનાથી છૂટકારો મેળવવાનો માર્ગ મળતો ન હોય, તો દરેક નમાઝ પછી ૭ (સાત) વખત અને મગરિબ પછી ૭૧ (ઈકોતેર) વખત આ દુરૂદ શરીફ પઢીને ખૂબ નમ્રતા અને કાકલૂદીપૂર્વક દુઆ કરશે તો બહુ જલદી હલાલ રોજગાર નસીબ થશે અને પુષ્કળ રોઝી મળતી થઈ જશે. અત્યંત અનુભવસિદ્ધ (મુજર્રબ) અમલ છે. (ઝરીઅતુલ્ વુસૂલ....૬૨)

[૪૨] મનપસંદ રિશ્તા (વિવાહ)ની પ્રાપ્તિ માટેનું દુરૂદ શરીફ

اَلْحَمْدُ لِلّٰهِ ذِى الْعِزِّ وَالْكِبْرِيَآءِ وَصَلَّى
اللّٰهُ عَلٰى مُحَمَّدٍ خَاتَمِ الْاَنْبِيَآءِ ط

અલ્હમ્દુ લિલ્લાહિ ઝિલ્ ઇઝ્ઝિ વલ્ કિબ્રિયાઇ, વ સલ્લલ્લાહુ અલા મુહમ્મદિન્ ખા–તમિલ્ અમ્બિયાઅ્.

[**અર્થ** : દરેક પ્રકારની તારીફો અલ્લાહ તઆલા માટે છે, જે ઇઝઝત અને કિબ્રિયાઇ (મહાનતા)નો માલિક છે અને અલ્લાહ તઆલા રહમત નાઝિલ ફરમાવે ખાતમુલ્ અમ્બિયા હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર.]

ફાયદો : ઝાહિર અને બાતિન (બાહ્ય અને આંતરિક) બન્ને રીતે બા–કમાલ અને મનપસંદ રિશ્તો (સગપણ) મેળવવા ઇચ્છતી વ્યક્તિ જો ઇશા પછી અથવા તહજ્જુદ વખતે ૧૧૦૦ (અગિયાર સો) વખત આ દુરૂદ શરીફ પઢીને બારગાહે ઇલાહીમાં દુઆ કરશે તો અલ્લાહ તઆલા એની જાઇઝ દિલી મુરાદને પૂરી ફરમાવશે અને એ રિશ્તાથી પરસ્પર ઉલફત અને મુહબ્બત નસીબ થશે (ઇન્શાઅલ્લાહ). અમલની મુદ્દત ૯૧ (એકાણું) દિવસ છે. (ઝરીઅતુલ્ વુસૂલ....૮૭)

[૪૩] જન્નતી પક્ષીની દુઆએ મગફિરતનો અજીબ નુસખો

اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى كُلِّ حَالٍ وَّصَلَّى اللّٰهُ
عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اَهْلِ بَيْتِهٖ ط

અલ્હમ્દુ લિલ્લાહિ અલા કુલ્લિ હાલ; વ સલ્લલ્લાહુ અલા મુહમ્મદિંવ્ વ અલા અહ્લિ બય્તિહ્.

[**અર્થ** : દરેક હાલતમાં અલ્લાહ તઆલાનો શુક્ર છે અને અલ્લાહ તઆલા રહમત નાઝિલ ફરમાવે હઝરત મુહમ્મદ

(સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર અને આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નાં અહલે બૈત પર.]

ફાયદો : જો કોઈ વ્યક્તિને છીંક આવે અને તે ઉપરોક્ત દુઆ તથા દુરૂદ શરીફ પઢી લે, તો અલ્લાહ તઆલા એક પક્ષી પેદા ફરમાવશે,-જે અર્શે ઇલાહીની નીચે પોતાની પાંખોને હલાવ્યા કરશે–ફફડાવ્યા કરશે અને દુઆ કરશે : "હે અલ્લાહ ! આ શબ્દો પઢનાર વ્યક્તિની મગફિરત ફરમાવી દે."

[૪૪] બિસ્મિલ્લાહ.....ની ફઝીલત

હદીસ : (૧) હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, અગર કોઈ કાગળ પર બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ લખ્યું હોય અને તે કાગળ જમીન પર પડી જાય અને એને તા'ઝીમની ખાતર મારા નામવાળા કાગળને કોઈ ઉઠાવી લે તો એનું નામ સિદ્દીકીનમાં લખવામાં આવે છે અને અગર એનાં મા–બાપને અઝાબ થતો હોય તો અઝાબમાં તખફીફ (હળવાશ) કરવામાં આવે છે.

(૨) હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, જે માણસ પોતાની તમામ ઉંમરમાં એક લાખ વખત બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ પઢશે, તો અલ્લાહ તઆલા તેના ઉપર દોઝખની આગ હરામ કરી નાખશે.

એક રિવાયતમાં છે કે હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) એક દિવસ કબ્રસ્તાનમાં તશરીફ લઈ ગયા. આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને ખબર પડી કે કબરમાં એક મય્યિતને અઝાબ થઈ રહ્યો છે. હુઝૂર (સલ્લલ્લાહુ

અલયહિ વ સલ્લમ)ને એની હાલત પર રહમ આવ્યો. એટલામાં હઝરત જિબ્રઈલ (અલૈ.) તશરીફ લાવ્યા અને કહ્યું કે, યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! દસ (૧૦) વખત બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ પઢીને આ મય્યિતને બખ્શી આપો.

હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ દસ (૧૦) વખત પઢીને બખ્શી આપ્યું તો તરત જ મય્યિત પરથી અઝાબ હટાવી લેવામાં આવ્યો અને જન્નતની હૂરો એની ખિદમતમાં હાજર થઈ.

હૂરોને આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે તમે ક્યાં સુધી રહેશો ? હૂરોએ કહ્યું કે, સૂર ફૂંકવા અને જન્નતમાં દાખલ થવા સુધી.

[૪૫] જન્નતના મહેલની ચાવી

અલ્લાહના પ્યારા નબી હુઝૂર મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મેઅરાજમાં છે. હઝરત જિબ્રઈલ (અલૈ.) સાથે છે. જન્નતમાં ચાર સુંદર નહેરો વહેતી દેખાય છે.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પૂછે છે; 'ભાઈ જિબ્રઈલ (અલૈ.) ! આ નહેરો ક્યાંથી નીકળે છે ? ક્યાં જાય છે ?' હઝરત જિબ્રઈલ (અલૈ.) અરજ કરે છે; 'હે મારા આકા (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! આ નહેરો હૌઝે કવસર તરફ જાય છે, પણ એ ક્યાંથી નીકળે છે એની મને જાણ નથી. અલ્લાહના દરબારમાં આપ યાચના કરો. આશા છે કે અલ્લાહ તઆલા જરૂર આપને એનાથી માહિતગાર ફરમાવશે.' હુઝૂર રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ દુઆ યાચી તો તરત એક ફરિશ્તા હાજર થયા ને

સરદારે અમ્બિયા (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની સેવામાં સલામ પેશ કરીને અરજ કરી, 'યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! આપ આંખો મીંચી દો.'

ફરી ફરિશ્તાએ આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની ખિદમતમાં આંખો ખોલવા અરજ કરી. અલ્લાહના નબી (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ આંખો ખોલી. જોયું તો સામે એક મોટું ઝાડ છે, ને નજીકમાં સફેદ મોતીઓનો બનેલો એક અતિ વિશાળ એવો બહુ ખૂબસૂરત મહેલ. મહેલનાં દ્વાર સોનાનાં છે ને દ્વારે તાળું છે.

અલ્લાહના હબીબ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવતા; 'એ મહેલ એટલો તો વિશાળ હતો કે દુનિયાના સઘળા ઈન્સાનો તથા જિન્નાત એ મહેલમાં જાય તોય એવું લાગે જાણે પહાડની ખોએ કોઈ પક્ષી બેઠું છે !' આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ફરમાવે છે; 'મેં જોયું કે પેલી ચારે સુંદર નહેરો એ મહેલની નીચેથી વહી રહી છે.' અલ્લાહના નબી (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ એ વિશાળ મહેલમાં જવાનો ઈરાદો કર્યો. આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ફરમાવવા લાગ્યા; 'દરવાજે તાળું છે. મહેલમાં કેમ જવાય ?' ફરિશ્તાએ અરજ કરી, 'હે મારા આકા (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! એની ચાવી બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ છે.'

આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) દરવાજા પાસે ગયા ને બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ પઢયા. તાળું તરત ખુલી ગયું. આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ફરમાવે છે, હું એ સુંદર મહેલમાં પ્રવેશ્યો. અંદર જઈને જોયું તો મહેલના ચાર થાંભલામાંથી એ મધુરી નહેરો વહી રહી છે ને એ

થાંભલાઓ પર બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ લખેલ છે. બિસ્મિ....ની મીમના વર્તુળમાંથી પાણીની, અલ્લાહના 'હા'–ના વર્તુળમાંથી દૂધની, રહમાનની મીમના વર્તુળમાંથી સ્વર્ગીય શરાબની ને રહીમની મીમમાંથી મધની નહેર વહી રહી છે. હું પામી ગયો કે આ નહેરોનું મૂળ બિસ્મિલ્લા–હિર્રહમાનિર્રહીમ છે. એ વખતે અલ્લાહપાક તરફથી અવાજ આવ્યો; 'હે મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! આપની ઉમ્મતમાંથી મને જે કોઇ ડોળદંભ વિના, નિર્મળ હૃદયે યાદ કરશે–બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ પઢશે, તેને આ નહેરો વડે હું તૃપ્ત કરીશ.' (બિસ્મિલ્લાહનો મહિમા)

[૪૬] બિસ્મિલ્લાહ વિશે વિશેષ

● નમાઝની દરેક રકાતની શરૂઆતમાં સૂરએ ફાતિહા પઢતાં પહેલાં બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ પઢવી ઈમામ અબૂ હનીફા (રહ.)ના મતે સુન્નત છે. જ્યારે ઈમામ અબૂ યૂસુફ (રહ.) અને ઈમામ મુહમ્મદ (રહ.) સહિત ઘણા ઈમામોના મંતવ્ય મુજબ વાજિબ છે. આથી દરેક રકાતમાં સૂરએ ફાતિહા પઢતાં પહેલાં બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ જરૂર પઢવી જોઇએ. ઘણા લોકો આ બાબતથી ગાફેલ કે અજાણ છે.

● ઈમામ અબૂ હનીફા (રહ.)ના મત મુજબ નમાઝમાં સૂરએ ફાતિહા પછી કોઇ સૂરત પઢતાં પહેલાં બિસ્મિલ્લા–હિર્રહમા નિર્રહીમ ધીમેથી પઢવી બેહતર છે.

(બિસ્મિલ્લાહનો મહિમા)

હદીસ શરીફમાં છે કે જે કોઇ જુમ્આની રાતે મગરિબની

નમાઝ પછી બે રકા'ત (નફિલ) પઢે અને દરેક રકા'તમાં સૂરએ ફાતિહા એકવાર, સાથે સૂરહ ઈઝા ઝુલ્ઝિલતિલ્ અર્દુ..... ૧૫ વાર પઢતો રહે તો અલ્લાહપાક એને માટે પ્રાણ નીકળવાની ક્રિયા સહેલી કરી દેશે. વળી, કબરના અઝાબથી એને પનાહ દેશે. પુલસિરાત પસાર કરવાનું ય એને માટે આસાન બનશે. (શર્હુસ્સુદૂર)

[૪૮] બજારમાં તસ્બીહની ફઝીલત

નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : બજાર ભૂલ અને ગફલતની જગ્યા છે. બસ, જે માણસ બજારમાં એક વખત તસ્બીહ سُبْحَانَ اللّٰهِ (સુબ્હાનલ્લાહ) પઢશે તો અલ્લાહ તઆલા એના બદલામાં એ માણસ માટે દસ લાખ નેકીઓ લખી આપશે.

(નુઝ્હહ : ૧/૧૧૯, સંદર્ભ : તરગીબુલ મુસ્લિમીન : ૨૧૫)

[૪૯]

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ

સુબ્હાનલ્લાહિ વ બિ–હમ્દિહી

[**અર્થ** : હું અલ્લાહ તઆલાની પાકી બયાન કરું છું અને તેની તારીફ બયાન કરું છું.]

રસૂલે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો : જે માણસ સવાર–સાંજ સો–સો (૧૦૦–૧૦૦) વાર મજકૂર કલિમાત પઢશે, તો કિયામતમાં એનો સમાવેશ અફઝલ અમલ ધરાવનારાઓના સમૂહમાં થશે, સિવાય કે તે માણસ જેણે આ કલિમાતને એટલી જ વાર

અથવા એનાથી વધુ પ્રમાણમાં પઢયાં હશે.

(બરકાતે આ'માલ : ૪૦, બુખાર, મુસ્લિમ, મિશ્કાત : ૨૦૦, અલ અઝકાર : ૬૩)

[૫૦]

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ ط

સુબ્હાનલ્લાહિ વ બિહમ્દિહી, સુબ્હાનલ્લાહિલ્ અઝીમ

[**અર્થ** : હું અલ્લાહ તઆલાની પાકી બયાન કરું છું અને તેની તારીફ બયાન કરું છું; હું અલ્લાહ તઆલાની પાકી બયાન કરું છું, જે ઉચ્ચતર અને મહાન છે.]

(બુખારી, મુસ્લિમ, તિરમિઝી, ઈબ્ને અબી શયબહ)

ફઝીલત : જે વ્યક્તિ આ બે (ઉપરના) કલિમાત "સુબ્હાનલ્લાહિ વ બિહમ્દિહી, સુબ્હાનલ્લાહિલ્ અઝીમ"ની સાથે આ (નીચે દર્શાવેલા) પણ ઉમેરી કે મિલાવી લે છે તો એના પઢતાંવેંત એ કલિમાતને લખી લેવામાં આવે છે. પછી એ કલિમાત અર્શમાં જઈને લટકી જાય છે અને એને પઢનારાઓથી ભલે ગમે તે ગુનાહ થઈ જાય; પરંતુ તે ગુનાહ આ કલિમાતને મિટાવી શકતો નથી, અહિંયા સુધી કે એ માણસ અલ્લાહ તઆલાને એવી હાલતમાં મળશે કે એ કલિમાત પર એ જ પ્રમાણે મોહર લાગેલી હશે. (તે કલિમાત આ પ્રમાણે છે) :

اَسْتَغْفِرُ اللّٰهَ الْعَظِيْمَ وَاَتُوْبُ اِلَيْهِ ط

અસ્તગ્ફિરુલ્લાહલ્ અઝી–મ વ અતૂબુ ઇલય્હ.

[**અર્થ** : હું અલ્લાહ તઆલાથી માફી તલબ કરું છું, જે મહાન છે, હું એની સામે જ રજૂ થાઉં છું.]

(બઝ્ઝાર, મુનાજાતે મકબૂલ જદીદ)

[૫૧] અપાર અને અમાપ સવાબ

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જે માણસ સવાર–સાંજ સો વખત "સુબ્હાનલ્લાહ" પઢશે તો તે એવો છે કે (જાણે) તેણે સો હજ પઢી,

અને જે માણસ સવાર–સાંજ સો વાર "સુબ્હાનલ્લાહ" પઢશે, તો તે એવો છે કે (જાણે) તેણે સો ઘોડાઓ પર અલ્લાહના માર્ગમાં મુજાહિદોને સવાર કર્યા (અર્થાત્ એણે જિહાદ માટે સો ઘોડા અર્પણ કર્યા) અથવા ફરમાવ્યું કે એણે સો વખત જિહાદ કર્યો.

(મિશ્કાત, તિરમિઝી, કન્ઝુલ ઉમ્માલ : ૨/૧૪૦–૧૪૧, હિસ્ન : ૧૬)

[૫૨] હદીસ

મયમૂન બિન મહરાને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત કરી છે કે હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ મુહર્રમમાં આશૂરહ (૧૦મી મુહર્રમ)નાં દિવસે રોઝો રાખશે તો તેને દસ હજાર શહીદો અને દસ હજાર હાજીઓનો સવાબ મળશે. જે વ્યક્તિ આ દિવસે કોઈ યતીમના માથે શફકતપૂર્વક, હેતપૂર્વક હાથ મૂકશે તો તેને તેના માથાના વાળ બરાબર જન્નતમાં દરજાત અર્પણ કરાશે અને જો કોઈ વ્યક્તિ આ રાતે કોઈ મુઅમિનને ખાણું ખવડાવશે તો તે એવો છે જાણે તેણે મારી આખી ઉમ્મતને ખાણું ખવડાવ્યું હોય.

સહાબએ કિરામ (રદિ.)એ અરજ કરી : યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! શું યવ્મે આશૂરહને અલ્લાહ તઆલાએ સઘળા દિવસો પર ફઝીલત અતા ફરમાવી છે ? આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : હા. (ખુત્બાએ અસ્લમ : ૨/૧૯)

[૫૩]

હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી મરવી છે, હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, "બેહતરીન રોઝો રમઝાન પછી મુહર્રમનો છે અને બેહતરીન નમાઝ ફર્ઝ પછી તહજ્જુદની છે."

કોઈ સહાબી (રદિ.)એ પૂછયું કે આશૂરહ (૧૦ મુહર્રમ)ની શું ફઝીલત છે ? તો આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે આશૂરહનો રોઝો ગયા વર્ષ (વરસ)ના ગુનાહોનો કફ્ફારો છે. હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પોતે પણ રોઝો રાખતા અને તલ્કીન કરતા અને ફરમાવ્યું કે આવતા વર્ષે જીવતો રહીશ તો યહૂદની મુખાલફત (વિરુદ્ધ)માં બે રોઝા રાખીશ. માટે બે રોઝા રાખવા જોઈએ.

આથી માલૂમ પડયું કે મુહર્રમની દસમી તારીખે આપણે પણ રોઝો રાખવો જોઈએ અને તેની સાથે નવમી મુહર્રમનો રોઝો પણ રાખવો જોઈએ. જો સંજોગોવશાત્ નવમીનો રોઝો ન રાખી શકાય તો પછી અગિયારમી મુહર્રમનો રોઝો રાખી લે. મતલબ કે ૯–૧૦ અથવા તો ૧૦–૧૧ મુહર્રમનો રોઝો રાખે. ફક્ત દસમી મુહર્રમનો રોઝો રાખવો મકરૂહ છે.

(ફતાવા રહીમિય્યહ : ૩/૩૮૦, શામી, કરાચી : ૨/૩૭૫)

અને દસમી સાથે નવમીનો રોઝો રાખવાનું એક કારણ આ પણ છે કે ખુદ હુઝૂરે **અકરમ** (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ સહાબાને ફરમાવ્યું હતું કે આવતા વરસે અમે નવમી તારીખનો રોઝો પણ રાખીશું, પરંતુ તે પહેલાં જ આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) વફાત પામી ગયા.

(અબૂ દાવૂદ શરીફ : ૧/૩૩૨)

મસ્અલો : શાહ અ. અઝીઝ દહેલ્વી (રહ.)નો ઈરશાદ છે કે મુહર્રમમાં તાઝિયા બનાવવું અને બનાવટી (નકલી) કબ્રો બનાવવું અને તેના ઉપર મન્નત ચઢાવવું આ બધું જ શિર્ક છે. (ફતાવા અઝીઝિય્યહ, સફા ૧૪૭)

[૫૪]

હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો કે, 'જે વ્યક્તિ આશૂરહના દિવસે (દસમી મુહર્રમે) પોતાના બાલ– બચ્ચાંઓ ઉપર (ખર્ચ કરવામાં) વુસ્અત (ઉદારદિલી) દાખવશે, અલ્લાહ તઆલા તેના ઉપર પૂરું વર્ષ વુસ્અત (ઉદારતા)નો મામલો કરશે.'

(શુઅ્બુલ ઈમાન, બયહકી : ૩/૩૬૬, અલ્ મવ્સૂઅતુલ્ ફિકહિય્યહ : ૨૯/૨૨૦)

[૫૫] આમીન

અબૂ ઝહીર નુમૈરી (રદિ.)થી રિવાયત છે કે, એક રાતે અમે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની સાથે બહાર નીકળ્યા. અમે અલ્લાહના એક નેક બંદાની પાસેથી પસાર થયા, જેઓ ખૂબ જ રડતાં રડતાં અલ્લાહ તઆલાથી (દુઆ) માંગી રહ્યા હતા.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઊભા રહીને તેની દુઆ અને અલ્લાહની સમક્ષ તેનું માંગવું, કરગરવું સાંભળવા લાગ્યા. પછી આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ અમને ફરમાવ્યું : "જો એણે દુઆની પૂર્ણતા સહીહ કરી અને મુહર ઠીક લગાવી તો જે એણે માંગ્યું છે તેનો એણે ફેંસલો કરાવી લીધો."

અમારામાંથી એકે પૂછયું કે, "હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! સહીહ પૂર્ણતાનો અને મુહર ઠીક લગાવવાનો તરીકો શું છે ?"

આપે ફરમાવ્યું : "છેવટમાં 'આમીન' કહીને દુઆ પૂર્ણ કરે (એટલે જો તેણે એવું કર્યું તો બસ અલ્લાહ તઆલાથી નક્કી કરાવી લીધું.)" (અબૂ દાવૂદ, મઆરિફુલ હદીસ)

[૫૬]

હઝરત જાબિર ઇબ્ને અબ્દુલ્લાહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : ત્રણ કામ એવાં છે કે જો કોઈ માણસ ઈમાનની હાલતમાં તેને કરશે તો જન્નતના જે દરવાજેથી ચાહશે તે દરવાજેથી દાખલ થઈ શકશે અને હૂરે ઈન સાથે જ્યારે ચાહશે શાદી કરી દેવામાં આવશે :

(૧) જેણે પોતાના કાતિલને (કતલનો પ્રયત્ન કરનારને) માફ કરી દીધો, (૨) જેણે નાનું-મોટું કર્ઝ પણ અદા કરી દીધું, (૩) જેણે દરેક ફર્ઝ નમાઝ પછી દસ વાર "કુલ હુવલ્લાહુ અહદ"ની સૂરહ પઢી.

હઝરત અબૂબક્ર સિદીક (રદિ.)એ સવાલ કર્યો : યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! અથવા (જો

કોઈ વ્યક્તિએ) એ ત્રણ આ'માલ પૈકી કોઈ એકાદ પણ અમલ કરી લીધો તો ?

આપ (સલ.)એ ફરમાવ્યું : જો એકાદ અમલ પણ કરી લીધો તો (પણ એ જ હુકમ લાગુ પડશે).

(અબૂ યઅ્લા, હદીષ નંબર : ૧૭૯૪, મજ્મઉઝ્ ઝવાઇદ : ૧૦/૧૦૨, દૂર્રે મન્પૂર : ૬/૪૧૧)

[૫૭] ઝિલ્હજ્જના પ્રથમ દસ દિવસોની ફઝીલત

માનવંત સહાબી હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, 'બીજા કોઈ દિવસો એવા નથી જેમાં અલ્લાહ તઆલાને આ દિવસો એટલે કે ઝિલ્હજ્જના દિવસોના અમલ કરતાં વધુ પસંદ હોય.' સહાબાઓએ અરજ ગુઝારી કે, 'શું અલ્લાહના માર્ગમાં કરવામાં આવતો જિહાદ પણ એવો નથી ?' આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, 'હા, રાહે ખુદામાં કરવામાં આવતો જિહાદ પણ, સિવાય કે માણસ પોતાના જાન–માલ સાથે અલ્લાહના માર્ગમાં નીકળ્યો હોય અને એ પૈકી કશું જ સલામત (પાછું) ન લાવ્યો હોય.'

માનવંતા સહાબી હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ (રદિ.)થી રિવાયત છે કે હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, 'અલ્લાહ તઆલાને આ દિવસો (ઝિલ્હજ્જ મહિનાના પ્રથમ દસ દિવસો) કરતાં વધુ વ્હાલાં બીજા કોઈ જ દિવસો નથી અને આ દસ દિવસો કરતાં વધુ ચડિયાતા કોઈ દિવસ અલ્લાહ તઆલાને ત્યાં નથી.' પૂછવામાં આવ્યું કે, 'શું રાહે ખુદામાં જિહાદના દિવસો પણ

એવા નથી ?' આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, 'રાહે ખુદામાં જિહાદના દિવસો પણ આ દિવસો જેવા નથી, સિવાય કે કોઈ માણસે રાહે ખુદામાં પોતાના ઘોડાને ઘાયલ કરી લીધો હોય અને પોતે પણ ઘાયલ થયો હોય.'

હઝરત આઈશા (રદિ.)થી રિવાયત છે કે એક યુવક કે જે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની હદીષો સાંભળ્યા કરતો હતો, જ્યારે ઝિલ્હજ્જનો ચાંદ દેખાયો ત્યારે બીજા દિવસે (એટલે કે પહેલી ઝિલ્હજ્જના રોજ) એણે રોઝો રાખી લીધો, જ્યારે હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને આ વાતની જાણ થઈ ત્યારે આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ એને બોલાવ્યો અને પૂછયું : 'તને કોણે આ માટે પ્રોત્સાહન આપ્યું કે તેં રોઝો રાખી લીધો ?' એણે અરજ ગુઝારી, 'યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! મારાં માતાપિતા આપ પર કુરબાન થાય, આ હજ અને કુરબાનીના દિવસો છે. કદાચ અલ્લાહ તઆલા મને પણ એમની દુઆઓમાં શામેલ કરી લે.' આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, 'તારા દરેક દિવસના રોઝાનું વળતર સો ગુલામોને ગુલામીમાંથી મુક્ત કરવા બરાબર, સો ઊંટની કુરબાનીઓ બરાબર અને અલ્લાહના માર્ગમાં આપવામાં આવેલ સો ઘોડાઓના વળતર બરાબર છે, જ્યારે આઠમી ઝિલ્હજ્જનો દિવસ હશે ત્યારે તને એ દિવસના રોઝાનો સવાબ એક હજાર ગુલામ છોડી મૂકવા, હજાર ઊંટની કુરબાની કરવા અને અલ્લાહના માર્ગમાં સવારી માટે એક હજાર ઘોડા આપવા બરાબર પ્રાપ્ત થશે, જ્યારે નવમી ઝિલ્હજ્જનો દિવસ હશે ત્યારે તને એ દિવસના રોઝાનો સવાબ બે હજાર ગુલામો મુક્ત કરવા, બે હજાર ઊંટોની

કુરબાની અને રાહે ખુદામાં સવારી માટે આપવામાં આવેલા બે હજાર ઘોડાના બદલા બરાબર હોય છે.

નબીએ અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું છે કે, 'નવમી ઝિલ્હજ્જનો રોઝો બે વર્ષના રોઝા બરાબર અને આશૂરાનો રોઝો એક વર્ષના રોઝા બરાબર છે.'

કુર્આને પાકમાં અલ્લાહનું ફરમાન છે : 'વવાઅદ્‌ના મૂસા સલાસી–ન લૈ–લ–તન વ અત્મમ્નાહા બિ–અશ્ર' (અને અમે મૂસા (અલૈ.)ને ત્રીસ રાત્રિઓનું વચન આપ્યું હતું અને એ વચન દસ વડે પૂરું કર્યું).

તફસીરકારો આ ફરમાને ઈલાહીની તફસીરમાં લખે છે કે આ દસ રાત્રિઓ એટલે ઝિલ્હજ્જ મહિનાની પ્રથમ દસ રાતો.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ (રદિ.)થી રિવાયત છે કે અલ્લાહ તઆલાએ દિવસો પૈકી ચાર દિવસો, મહિનાઓમાંથી ચાર મહિના અને મહિલાઓમાંથી ચાર મહિલાઓ પસંદ ફરમાવી છે. ચાર માણસો સૌથી પહેલાં જન્નતમાં જશે અને ચાર માણસો માટે ખુદ જન્નત તલસે છે. દિવસોમાં પહેલો દરજ્જો જુમ્અહના દિવસનો છે, કારણ કે આમાં એક પળ એવી હોય છે કે જ્યારે કોઈ બંદો એ પળમાં અલ્લાહ તઆલાથી દુનિયા કે આખિરતની કોઈ નેઅમતનો સવાલ કરે છે ત્યારે અલ્લાહ તઆલા તેને એ અતા ફરમાવે છે. દિવસોમાં બીજો નવમી ઝિલ્હજ્જ (અરફા)નો દિવસ છે, કારણ કે અરફાના દિવસે અલ્લાહ તઆલા ફરિશ્તાઓમાં ફખ્ર કરે છે અને ફરમાવે છે, 'હે ફરિશ્તાઓ ! મારા એ બંદાઓને જુઓ કે જેઓ વિખેરાયેલા વાળ, ધૂળમાં રગદોળાયેલા ચહેરા લઈને માલ ખર્ચ કરીને અને તેમના શરીરોને કષ્ટમાં નાખીને હાજર થયા છે. તમે સાક્ષી બની જાવ, મેં એમને બખ્શી દીધા.'

ત્રીજો દિવસ કુરબાનીનો દિવસ છે, કુરબાનીના દિવસે બંદો કુરબાનીના માધ્યમથી અલ્લાહની નિકટતા (કુર્બે ઈલાહી) માગે છે. આથી જ્યારે કુરબાનીના લોહીનું પહેલું ટીપું જમીન પર પડે છે ત્યારે એ બંદાના દરેક ગુનાહનો કફ્ફારો બની જાય છે. ચોથો દિવસ ઈદુલ ફિત્ર (રમઝાનની ઈદ)નો છે, જ્યારે બંદાઓ રમઝાન મહિનાના રોઝા રાખી લે છે અને ઈદની નમાઝ અદા કરવા બહાર નીકળે છે ત્યારે અલ્લાહ તઆલા ફરિશ્તાઓને ફરમાવે છે કે દરેક કામ કરનાર તેનું મહેનતાણું માંગે છે. મારા બંદાઓએ આખા મહિનાના રોઝા રાખ્યા અને હવે ઈદ માટે આવ્યા છે અને પોતાનો બદલો માંગી રહ્યા છે. હું તમને સાક્ષી બનાવું છું કે મેં એમને બખ્શી દીધા અને પોકારનાર પોકારી–પોકારીને કહે છે કે હે મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના ઉમ્મતીઓ ! તમે પાછા જાઓ કે અલ્લાહ તઆલાએ તમારી બુરાઈઓ નેકીઓમાં ફેરવી દીધી. (મુકાશફતુલ કુલૂબ, બાબ–૧૦૫)

● ● ●

દુરૂદે ઈબ્રાહીમ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ
كَمَا صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ
اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ
وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ
وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

[૫૮] મર્હૂમોને સવાબ પહોંચાડનાર વસ્તુઓ

હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : "માણસ જયારે મરણ પામે છે તો તેનો અમલ (કરવાનો સિલસિલો) ખતમ થઇ જાય છે, પરંતુ ત્રણ વસ્તુઓ બાકી રહે છે : (૧) સદક—એ જારિયહ, (૨) ઇલ્મ, જેનાથી લોકોને લાભ પહોંચતો રહે અને (૩) નેક અવલાદ જે તેના હકમાં દુઆએ ખૈર કરતી રહે છે."(બુખારી, મુસ્લિમ, અબૂ દાવૂદ વગેરે)

હઝરત ઉમામહ (રદિ.)થી રિવાયત છે, હુઝૂરે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : "ચાર માણસ એવા છે, જેમના મૃત્યુ પછી પણ તેમના અજરનો સિલસિલો ચાલુ રહે છે : (૧) અલ્લાહની રાહમાં ઇસ્લામની સરહદનું રક્ષણ કરનાર, (૨) તે માણસ જેણે ઇસ્લામ શીખવ્યો, (૩) તે માણસ જેણે કશો સદકહ કર્યો. તેનો અજર ચાલુ રહેશે, જયાં સુધી તે સદકહથી લોકોને લાભ પહોંચાડતો રહે અને (૪) તે માણસ જેણે નેક અવલાદ છોડી, જે તેના માટે દુઆએ ખૈર કરતી રહે." (અહમદ)

જરીર બિન અબ્દુલ્લાહ (રદિ.)થી મરફૂઅ રિવાયત છે કે, "જે માણસે કોઇ ઉમદા સુન્નત ચાલુ કરી, તેનો અજર તે સમય સુધી ચાલુ રહેશે, જયાં સુધી લોકો તેના પર અમલ કરતા રહેશે, લોકોના અજરમાં કશો ઘટાડો થયા વિના તેનો અલગથી પૂરો અજર મળશે અને જેણે નઠારી સુન્નત ચાલુ કરી, તો જયાં સુધી તેના પર લોકો અમલ કરશે, તેને ગુનોહ મળતો રહેશે. એ નઠારી સુન્નત પર અમલ કરનારાઓને અલગ ગુનોહ મળશે અને તેને અલગથી." (મુસ્લિમ)

હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે, રસૂલે ખુદા (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : "મૃત્યુના પછી જે વસ્તુઓનો અજર મળતો રહે છે તે આ છે : (૧) ઈલ્મ જેનો પ્રચાર કર્યો હોય, (૨) નેક–સાલિહ અવલાદ છોડી ગયો હોય, (૩) કુર્આન, જે વારસામાં છોડી ગયો હોય, (૪) મસ્જિદ, જેનું બાંધકામ તેણે કર્યું હોય, (૫) મુસાફિરખાનું, જે ખુદાની રાહમાં મુસાફિરોના માટે બનાવવામાં આવ્યું હોય, (૬) નહેર બનાવી ગયો હોય, (૭) સદકહ, જે તેણે પોતાની સિહ્હતના ઝમાનામાં ખર્ચ કર્યો હોય." (ઇબ્ને માજહ)

હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે, હુઝૂરે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : "સાત વસ્તુઓનો અજર ઈન્સાનને તેની કબ્રમાં મળતો રહે છે. ઈલ્મ, નહેર ચાલુ કરવી, કૂવો બનાવવો, ખજૂર રોપવા, મસ્જિદનું બાંધકામ, કુર્આનનો વારસો અને સાલિહ અવલાદ." (અબૂ નઈમ, બઝ્ઝાર)

હઝરત સવબાન (રદિ.)થી રિવાયત છે, હુઝૂરે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : "મેં તમને કબ્રોની ઝિયારત કરવાથી મનાઈ કરી હતી, પરંતુ હવે તમે કબ્રોની ઝિયારત કરો અને મુર્દાઓના માટે દુઆ અને ઈસ્તિગફાર પઢો." (તબરાની)

હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે, હુઝૂરે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો : "જન્નતમાં જ્યારે નેક બંદાના દરજા બુલંદ કરવામાં આવે છે તો તે આશ્ચર્યથી કહે છે કે, હે રબ ! આ શા કારણે છે ? અલ્લાહ તઆલા ફરમાવશે કે આ તારા પુત્રના

ઈસ્તિગફારના કારણે છે." (તબરાની)

હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.)થી રિવાયત છે, હુઝૂરે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : "કિયામતના દિવસે એક માણસની પાછળ પહાડોની જેમ મોટી મોટી નેકીઓ લાગેલી હશે. તે માણસ આશ્ચર્યથી કહેશે, હે રબ ! આ ક્યાંથી આવી ગઈ ? અલ્લાહ તઆલા ફરમાવશે : તારા પુત્રે તારા માટે મગફિરતની દુઆ કરી છે, એટલે જ આ નેકીઓ છે." (તબરાની)

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે, હુઝૂરે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : "મુર્દહ જ્યારે કબ્રમાં જાય છે, તો તેની મિસાલ તે ડૂબનારની હોય છે જે સહારો શોધી રહ્યો હોય. મુર્દહ વાટ જોતું રહે છે કે તેના માતાપિતા, અવલાદ યા વિશ્વાસુ મિત્રથી કશી દુઆ હાસિલ થાય અને જ્યારે તેને દુઆ પહોંચે છે, તો તેને દુનિયાની તમામ વસ્તુઓથી વધુ પ્રિય માને છે. બેશક ! અલ્લાહ તઆલા જીવંતોની દુઆના કારણે પહાડોની બરાબર અજર મુર્દાઓની કબ્રોમાં દાખલ કરે છે અને મુર્દાઓના માટે જીવંતોનો સૌથી સરસ હદિયો દુઆએ ઈસ્તિગફાર છે."

(બયહકી)

હઝરત સુફયાન સૌરી (રહ.)નું બયાન છે : "આ કથન લોકોમાં મશહૂર હતું કે જીવંત લોકો જેટલા ખાનપાનના મોહતાજ છે, તેનાથી વિશેષ મૃત લોકો દુઆઓના મોહતાજ છે." (ઈબ્ને અબી દુન્યા)

અમુક ગત બુઝુર્ગો કહે છે, મેં મારા ભાઈને તેના મૃત્યુના પછી સ્વપ્નમાં જોયો તો પૂછયું : "શું તમને જીવંતોની દુઆઓ પહોંચે છે ?" ઉત્તર મળ્યો : "ખુદાની કસમ ! દુઆઓ નૂરની

જેમ છવાઈ જાય છે. પછી મારાથી વળગી પડે છે."

(ઈબ્ને અબી દુન્યા)

એક બુઝુર્ગ કહે છે : "હું કબ્રસ્તાન પરથી પસાર થયો અને તેમના પર રહમ કર્યો. તે જ સમયે એક ગૈબી હાતિફે મને સાદ દીધો : હા, તું તેમના પર રહમ કર, કેમ કે એ લોકો દુ:ખી અને ગમગીન છે." (ઈબ્ને અબી દુન્યા)

માલિક બિન દીનાર (રહ.) કહે છે : હું જુમ્આની રાત્રે કબ્રસ્તાન ગયો તો અચાનક ઝળકતું નૂર નજરે પડયું. મેં કહ્યું : "લા ઈલા–હ ઈલ્લલ્લાહ." કબ્રવાળા બખ્શી દેવામાં આવ્યા. તે સમયે એક ગૈબી હાતિફે પુકારીને કહ્યું : "હે માલિક બિન દીનાર ! આ મુઅમિનોનો હદિયો છે, મુર્દાઓના માટે !" મેં હાતિફને પૂછયું : "તે કયો હદિયો છે ?" તેણે ફરમાવ્યું : "આજે એક મુઅમિને રાત્રે બે રકાત પઢીને અલ્લાહથી દુઆ કરી કે તેનો અજર કબ્રસ્તાન–વાળાઓને મળે. એ કારણે આ નૂરની વર્ષા થઈ છે." માલિક બિન દીનાર (રહ.) કહે છે : તેના પછી હું દર જુમ્આની રાત્રે બે રકાતો પઢવા લાગ્યો. પછી મેં હુઝૂરે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને સ્વપ્નમાં જોયા. આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) મને ફરમાવી રહ્યા હતા : "હે માલિક ! અલ્લાહે તને બખ્શી દીધો, એ નૂરના પ્રમાણમાં જે તેં મુઅમિન પર હદિયો કર્યું અને તારા માટે જન્નતમાં ઘર બનાવી દીધું." (તારીખે ઈબ્નુન્નજ્જાર)

હઝરત બિશાર બિન ગાલિબ (રહ.) કહે છે : "હું હઝરત રાબિઅહ બસરિય્યહ (રહ.)ના માટે ઘણી દુઆઓ કર્યા કરતો હતો. એકવાર મેં તેમને સ્વપ્નમાં જોયા. તેમણે મને કહ્યું : હે બિશાર ! તારા તોહફા અમારી પાસે નૂરના

થાળોમાં રેશમના કપડાંમાં ઢંકાયેલ લાવવામાં આવે છે અને કહેવામાં આવે છે, આ ફલાણા માણસનો હદિયો છે, તારા માટે." (ઇબ્ને અબી દુન્યા)

હઝરત અનસ (રદિ.)થી મરફૂઅ રિવાયત છે, હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : "મારી ઉમ્મત ઉમ્મતે મુહમ્મદિય્યહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) એક કબ્ર પર પસાર થાય છે, તે કબ્રનું મુર્દહ મર્હૂમહ છે, પોતાની કબ્રોમાં ગુનાહોની સાથે દાખલ થાય છે, પરંતુ જીવંત મુઅમિનોની દુઆઓના કારણે તેના ગુનાહ એ પ્રમાણે ઓછા થતા જાય છે, જ્યારે કિયામતના માટે પોતાની કબ્રોથી નીકળશે તો ગુનાહથી પાક સાફ હશે." (તબરાની)

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે : સઅદ બિન ઉબયદહ (રદિ.) ઘરે મવજૂદ ન હતા. એ જ દરમિયાન તેમની માતાનો ઈન્તિકાલ થઈ ગયો. જ્યારે ઘરે આવ્યા તો હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને અરજ કરી : "મારી ગેરહાજરીમાં માતાનો ઈન્તિકાલ થઈ ગયો છે. અગર હું "માં"ના તરફથી કશો સદકહ કરું તો શું તેનો લાભ પહોંચશે ? આપ (સલ.)એ ફરમાવ્યું : "હા !"

સઅદ બિન ઉબયદહ (રદિ.)થી બીજી એક રિવાયત છે, તેમણે હુઝૂર (સલ.)ને અરજ કરી : મારી "માં" મરણ પામી છે. કયો સદકહ અફઝલ છે ?

હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : "પાણી !" અને તેમણે એક કૂવો બનાવીને સદકહ કરી દીધો. (અહમદ)

ઉત્બહ બિન આમિર (રદિ.)થી રિવાયત છે, હુઝૂરે અકરમ

(સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : "મુર્દહના તરફથી સદકહ કરવો તેની કબ્રની ગરમી બુઝાવે છે અને કબ્રમાં આરામ પહોંચાડે છે." (તબરાની)

હઝરત ઈબ્ને ઉમર (રદિ.)થી રિવાયત છે, હુઝૂરે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : "જે માણસ પોતાના માતાપિતાના તરફથી, તેમની વફાતના પછી હજ કરે છે, તો હજ કરનારને દોઝખથી છૂટકારો મળે છે." (તબરાની)

ઝૈદ બિન અરકમ (રદિ.)થી રિવાયત છે, હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : "જે માતા–પિતા હજ કર્યા વિના મરણ પામે અને અવલાદે તેમના તરફથી હજ કરી, તો તેમની રૂહોને આસમાનમાં ખુશખબરી આપવામાં આવશે અને તે અવલાદ પોતાનાં માતાપિતા સાથે એહસાન કરનાર લેખાશે."

હજ્જાર બિન દીનાર (રદિ.)થી રિવાયત છે, હુઝૂરે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : "માતા–પિતા સાથે એહસાન એ છે કે તું તેમના તરફથી નમાઝ પઢે, જેમ પોતાના માટે નમાઝ પઢે છે અને પોતાના રોઝહ અને સદકહની સાથે તેમના માટે પણ રોઝા રાખે અને સદકહ કરે." (ઇબ્ને અબી શયબહ)

કુર્તુબી (રહ.) કહે છે, ઈમામ અહમદ બિન હમ્બલ (રહ.)નું વર્ણન છે : "જ્યારે તમે કબ્રસ્તાનમાં દાખલ થાઓ તો સૂરએ ફાતિહા, કુલ અઊઝુ બિરબ્બિન્નાસ, કુલ અઊઝુ બિરબ્બિલ ફલક, કુલ હુવલ્લાહુ અહદ પઢો અને તેનો સવાબ મુર્દાઓને બખ્શી દો. તેમને સવાબ પહોંચે છે."

હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) એક કબ્ર પર

પસાર થયા, તે કબ્રનું મુર્દહ અઝાબમાં સંડોવાયેલ હતું. આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ખજૂરની એક લીલી ડાળખી લઈને તે કબ્ર પર ખોસી દીધી અને ફરમાવ્યું : "આશા છે કે જયાં સુધી આ ડાળખી લીલી રહેશે, તેના અઝાબમાં ઘટાડો રહેશે."

એ જ રિવાયતના કારણે હઝરત અબૂ હુરયરહ (રદિ.) વસિય્યત કર્યા કરતા હતા કે, "જયારે હું મરણ પામું તો મારી કબ્ર પર બે ડાળખીઓ મૂકજો." હઝરત અબૂ હુરયરહ (રદિ.)ની વફાત એક બયાબાન (વગડા)માં થઈ હતી. એ બયાબાન કિર્આન અને કવસની વચ્ચે હતું.

લોકોએ કહ્યું : "એ બે ડાળખીઓ મૂકવોની વસિય્યત કર્યા કરતા હતા, પરંતુ એવા સ્થળે તેમની વફાત થઈ છે કે ડાળખી મળવી અસંભવિત છે." એ જ પરેશાનીમાં લોકો હતા કે અચાનક એક કાફલો સજીસ્તાન તરફથી પ્રગટ થયો. નજીક આવ્યો તો જોયું કે તેમની પાસે ખજૂરની ડાળખી હતી, તે ડાળખીને તેમની કબ્ર પર ખોસી દેવામાં આવી.

[૫૯] સૂરએ ઈખ્લાસ (કુલ હુવલ્લાહુ અહદ)ની મહાન ફઝીલતો

(૧) ફજરની નમાઝ પછી પઢવાની ફઝીલત :

હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો : જે વ્યક્તિએ ફજરની નમાઝ પછી બાર વખત (સૂરએ) "કુલ્ હુવલ્લાહુ અહદ....." પઢી તો જાણે તેણે આખું કુર્આન ચાર વખત પઢયું અને જો તેણે ગુનાહોથી

પરહેઝ કર્યો તો તે દિવસે પૃથ્વીના (પટ પર વસતા) સર્વશ્રેષ્ઠ લોકોમાં તેનો શુમાર થશે. (તબરાની કૃત "મુઅ્જમે સગીર" : ૧/૬૨, બયહકી કૃત "શુઅ્બુલ ઈમાન" : ૨૨૯૮)

(૨) જન્નતમાં બે મહેલ મળશે :

(૧) હઝરત ખાલિદ ઈબ્ને ઝૈદ અન્સારી (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ મગરિબ અને ઈશા દરમિયાન વીસ રકાત નમાઝ એવી રીતે પઢે કે દરેક રકા'તમાં અલ્હમ્દુ લિલ્લાહ.... અને (સૂરએ) કુલ્ હુવલ્લાહુ અહદ.... પઢે તો અલ્લાહ તઆલા તેના માટે જન્નતમાં બેજોડ (અંતર રહિત–પરસ્પર અડોઅડ) અને બેઐબ (ખામીરહિત) બે મહેલ બનાવશે. (જમ્ઉલ જવામિઅ્ : ૧/૭૯૬)

(૩) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ ઈશાની નમાઝ પછી બે રકા'ત પઢે અને દરેક રકા'તમાં (સૂરએ) "કુલ્ હુવલ્લાહુ અહદ....." પંદર વખત પઢે તો અલ્લાહ તઆલા તેના માટે જન્નતમાં બે મહેલ બનાવશે. (તફસીરે દૂર્રે મન્થૂર : ૬/૪૧૫)

(૪) કિયામતના દિવસે ફરિશ્તાઓ હસ્તધૂનન (મુસાફહા) કરશે :

હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ મગરિબ પછી બાર રકા'તો એવી રીતે પઢશે કે દરેક રકા'તમાં ચાળીસ વાર (સૂરએ) "કુલ્ હુવલ્લાહુ અહદ..." પઢે તો

કિયામતના દિવસે ફરિશ્તાઓ તેની સાથે 'મુસાફહા' (હસ્તમેળાપ) કરશે. (જમ્ઉલ જવામિઅ્ : ૧/૭૯૬)

(૫) ગુનાહોની માફી :

હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે વ્યક્તિ (સૂરએ) "કુલ્ હુવલ્લાહુ અહદ...." (પૂરી સૂરત) પચાસ (૫૦) વખત પઢશે તો અલ્લાહ તઆલા તેના ગુનાહોને માફ ફરમાવી દેશે." (સુનને દારમી : ૨/૪૬૧)

(૬) જન્નતમાં પ્રવેશ :

હઝરત જાબિર (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ દરરોજ (સૂરએ) "કુલ્ હુવલ્લાહુ અહદ...." પચાસ (૫૦) વખત પઢશે તો કિયામતના દિવસે તેને અવાજ આપવામાં આવશે : "હે અલ્લાહની હમ્દ બયાન કરનાર ! પોતાની કબરમાંથી ઊઠ–ઊભો થા અને જન્નતમાં દાખલ થઈ જા."

(મુઅ્જમે તબરાની સગીર : ૨/૧૩૦, મજ્મઉઝ્ ઝવાઈદ : ૭/૧૪૬)

(૭) પચાસ વરસના ગુનાહો માફ :

હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ સો વાર (સૂરએ) "કુલ્ હુવલ્લાહુ અહદ...." પઢશે તો અલ્લાહ તઆલા એના પચાસ વર્ષના ગુનાહ માફ ફરમાવી દેશે, આ શરતે કે તે ચાર ગુનાહોથી બચતો રહે : (૧) કતલથી, (૨) ચોરીથી, (૩) ઝિનાથી, (૪) શરાબ પીવાથી. (બયહકી કૃત "શુઅ્બુલ ઈમાન" : ૨૩૧૮)

(૮) દોઝખ (જહન્નમ)થી છૂટકારો :

હઝરત ફીરૂઝ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસે નમાઝમાં અથવા નમાઝની બહાર સો વાર (સૂરએ) "કુલ્ હુવલ્લાહુ અહદ...." પઢી તો અલ્લાહ તઆલા તેના માટે દોઝખથી બરી (મુક્ત) હોવાનું લખી આપશે.

(તબરાની કૃત મુઅજમે કબીર : ૧૮/૩૩૧, મજમઉઝ્ ઝવાઇદ : ૭/૧૪૫)

(૯) જુમ્અહની રાતે પઢવાની ફઝીલત :

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ જુમ્અહની રાતે સો વાર (સૂરએ) "કુલ્ હુવલ્લાહુ અહદ...." પઢશે તો તેણે એ જુમ્અહનો એવો હક્ક અદા કરી દીધો, જેમ કે અર્શને ઉઠાવનાર ફરિશ્તાઓએ અર્શે ઈલાહીને ઉઠાવવાનો હક અદા કર્યો. (અબૂ નુઐમ ફી ફઝાઇલિહા)

(૧૦) સો મહેલ તા'મીર થશે, ઉપરાંત... :

હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસે વુઝૂ સાથે સો વાર (સૂરએ) "કુલ્ હુવલ્લાહુ અહદ...." પઢી, એવી રીતે કે સૂરએ ફાતિહાથી શરૂઆત કરી તો અલ્લાહ તઆલા તેના માટે દરેક હર્ફ (અક્ષર)ના બદલામાં દસ નેકીઓ લખશે અને તેના દસ દરજાત બુલંદ ફરમાવશે અને તેના માટે જન્નતમાં સો મહેલ તા'મીર ફરમાવશે.

(બયહકી કૃત "શુઅ્બુલ ઈમાન", હદીષ નંબર : ૨૩૧૮)

(૧૧) જન્નત નસીબ થશે :

હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસે પોતાના બિસ્તર પર સૂવા માટે ઈરાદો કર્યો. પછી સો વાર (સૂરએ) "કુલ્ હુવલ્લાહુ અહદ..." પઢી તો અલ્લાહ તઆલા કિયામતના દિવસે તેને ફરમાવશે : હે મારા બંદા ! પોતાની જમણી તરફ આવેલી જન્નતમાં દાખલ થઈ જા.

(તિરમિઝી, હદીષ નંબર : ૨૮૯૮, બયહકી, હદીષ નંબર : ૨૩૧૭)

(૧૨) અરફહના દિવસે પઢવાની ફઝીલત :

હઝરત જાબિર (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે મુસલમાન અરફાતના મેદાનમાં ઝવાલ પછી વુકૂફ (રોકાણ) કરે અને પછી કિબ્લારુખ થઈને "લા ઈલા–હ ઈલ્લલ્લાહુ વહ્દહૂ, લા શરી–ક લહૂ, લહુલ્ મુલ્કુ વ લહુલ્ હમ્દુ, વ હુ–વ અલા કુલ્લિ શય્ઈન કદીર" સો વાર પઢે. પછી સો વાર (સૂરએ) "કુલ્ હુવલ્લાહુ અહદ...." પઢે. પછી સો વાર "અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિંવ્ વ અલા આલિ મુહમ્મદિન્ કમા સલ્લયૃત અલા ઈબ્રાહી–મ વ અલા આલિ ઈબ્રાહી–મ, ઈન્ન–ક હમીદુમ્ મજીદ. વ અલય્ના મ–અહુમ" પઢે તો અલ્લાહ તઆલા પોતાના ફરિશ્તાઓને ફરમાવે છે : હે મારા ફરિશ્તાઓ ! મારા આ બંદાનો શું બદલો છે, જેણે મારી પાકી (પવિત્રતા) બયાન કરી અને લા ઈલા–હ ઈલ્લલ્લાહ કહ્યું અને મારી મોટપ બયાન કરી અને મારી મહાનતા બયાન કરી અને મને ઓળખ્યો અને મારી તારીફ બયાન કરી અને મારા નબી પર દુરૂદ મોકલ્યું ? હે મારા